**॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥**

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/–। આજીવન **૧૬,૫૦૦**/–
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

તા.૧૯ જાન્યુઆરી ૧૯૭૯
(પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનો દીક્ષાદિન)
સ્થળ : શ્રીશૈલ પર્વતપરનું મલ્લિકાર્જુન મંદિર

○

# ॥ યાત્રાવિશેષાંક ॥

'સત્યને માર્ગે બે કાબા છે : એક છે બહારનું મંદિર, બીજું છે હૃદયનું મંદિર. શક્ય હોય ત્યાંસુધી સાધકે અંતરયાત્રા કરવી. કારણ કે એક અંતરયાત્રા હજારો મંદિરોની યાત્રાઓ કરતાં અધિક છે.'

**–ઝુકોવ્યસીન**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| | નિવેદન | ૫ |
| | પ્રવેશક | ૬ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત ('મા' સર્વેશ્વરી) | ૭ |
| ૨. | પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીનો દીક્ષાદિન | ૧૦ |
| ૩. | પૂજ્યશ્રી'મા'ની દક્ષિણ ભારતની યાત્રા | ૧૧ |
| ૪. | પૂજ્યશ્રી યોગેશ્વરજીનો પત્ર પ્રસાદ | ૧૩ |
| ૫. | પનામાની 'યુવા-ધ્યાનશિબિર' | ૧૪ |
| ૬. | 'સાઈકલયાત્રા'ના પ્રારંભે 'મા'નાં આશીર્વચન | ૩૫ |
| ૭. | ભારતની યુવતીઓની સાઈકલયાત્રા | ૩૮ |
| ૮. | 'સાઈકલયાત્રા'ના પૂર્ણાહુતિપર્વે 'મા'નાં અમૃતવચન | ૬૦ |


સૌજન્ય : 'સ્વર્ગારોહણ'ની દૈનિકનોંધ : શ્રી મયૂરી ટેલર

# નિવેદન : અહમ્‌થી આત્મા સુધીની યાત્રા

સંસારને થોડોક વખત સલામ કરીને પ્રભુમય રહેવાના ઉપાય તરીકે જે પોતાની 'યાત્રા-શિબિર-સંવાદ-સત્સંગ' જે કંઈ યોજે છે એ સાધક જન્મ-મરણ વચ્ચે પોતાને એનાયત થયેલી 'મુકરર શ્વાસયાત્રા' આનંદદાયી તો બનાવી જ લે છે.

પણ થોડી 'ક્ષણોની યાત્રા' જે 'શાશ્વતી'થી મઢી લે છે. અર્થાત્ સમગ્ર જીવનયાત્રાને અહમ્‌માંથી છૂટી આત્મામાં પ્રવેશવાનું દ્વાર બનાવી દે છે. એ ધન્ય બની જાય છે.

આખરે તો 'યાત્રિક રહ્યો જ નહીં, હવે કોઈ યાત્રા કરવાની રહી જ નહીં, કેમકે તે સ્વયં ઈશ્વરસ્વરૂપ બની ગયો.' એ અનુભૂતિ સુધી જ પ્રત્યેકે પહોંચવાનું છે.

હિમાલયમાં વર્ષો આકરી તપશ્ચર્યા કરનાર પરમ વંદનીય શ્રીયોગેશ્વરજી તેમજ પોતાની પ્રત્યેક પળને સાધનામાં પલટાવતાં પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનાં ભવ્યોજ્જવલ ઉદાહરણો આપણી સમક્ષ સાક્ષાત્ છે જ.

તો આ ઉભય પરમ ચૈતન્યસ્વરૂપોના પ્રેરણાપ્રકાશમાં આપણી જીવનયાત્રા સાર્થક બનાવનાર અધ્યાત્મમાર્ગે આપણે ગતિ કરી, કમસે કમ 'સ્થિતિજાડ્ય'માંથી મુક્તિ મેળવીએ એવા કોઈક હેતુથી જ આ 'યાત્રાવિશેષાંક' સર્જાયો છે.

એ શ્રદ્ધાવચન યાદ રહે : 'જે ચાલી નીકળ્યો, એ પહોંચી ગયો !'



# પ્રવેશક : શિબિરાર્થીઓ તેમજ યાત્રિકોની શબ્દયાત્રા

તા.૧૪ એપ્રિલથી વિદેશયાત્રા કરનાર પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીના પુણ્યપ્રતાપે 'પનામામાં યુવાધ્યાનશિબિર' તેમજ કેનેડામાં 'ફૂલવાડી'નું આયોજન થયું. અને તેઓશ્રીના સ્વદેશાગમનપર્વે ભારતમાં યુવાનો હિમાલયની 'પદયાત્રા' તેમજ યુવતીઓ સરોડાથી બ્રહ્મપુરી સુધીની 'સાઈકલયાત્રા.' ઉપરાંત બાળકો બ્રહ્મપુરીથી સ્વર્ગારોહણ સુધીની 'સાઈકલયાત્રા' યોજી શક્યાં.

હંમેશાં આતમવાસી અને પરમાત્માનિવાસી એવાં 'મા'ના ચૈતન્યસ્પર્શથી કેટલાક 'ધન્યભાગ' સત્સંગી ભાઈબહેનો પોતાની શિબિર તેમજ યાત્રાને 'જીવનઘડતરના શ્રેષ્ઠ અભ્યાસક્રમ' તરીકે સમજી શક્યા. પૂજ્યશ્રી યોગેશ્વરજીના જ્ઞાનામૃત તેમજ પૂ.'મા'નાં દર્શનામૃતમાર્ગદર્શનથી આત્મશ્રદ્ધા તેમજ પ્રભુશ્રદ્ધાનું જે સંતુલન પામ્યા, થોડા દિવસ પણ તન-મનથી પરે આત્મસંનિધિમાં રહ્યા એનું રસપ્રદ આલેખન 'અધ્યાત્મ'ની અટારીએ પ્રગટાવી, આપણને 'શબ્દયાત્રા'નું સદ્‌ભાગ્ય ધરી રહ્યા છે. એ સર્વને ધન્યવાદ.

એ શિબિર કે યાત્રામાં સહભાગી ન થઈ શકનારને ભલે રમેશ પારેખની જેમ કહેવું પડે કે;

**'વરસાદ ન હતો એમ ના કહેવાય**
**હશે આપણે પલળ્યા નહીં.'**

પણ શિબિર કે યાત્રામાં પ્રભુપ્રેમથી ભીંજાઈ, તરબતર થઈ; આપણને જળશિકરોથી ધન્ય કરનાર સર્વની કલમને આપણાં શત શત વંદન !

# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૧**

**તા. ૧૬-૧-૮૩, રવિવાર, માગશર સુદ બીજ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

આજે મુલાકાત બંધ હતી. યજમાનપરિવાર સાથે અહીંના સમાજજીવનની વાતો થઈ.

યજમાન પરિવાર સવારે દૂધ સાથે ગુલાબનાં બે સુંદર ફૂલો દરરોજની જેમ મોકલે છે. પૂ.શ્રી સવારે કોઈક વાર જો નાના બાળકની પણ નજરે પડે તો તે પણ પોતાનાં ચંપલ, બૂટ કાઢીને તરત જ સાષ્ટાંગ પ્રણામ કરે છે. સંસ્કારની સુવાસ આ ઘરના નાનામાં નાના બાળકમાં પણ જોવા મળે છે.

પોણા અગિયાર વાગ્યે જ્યારે ભોજન બનાવવા મારે ભોજનાલયમાં જવાનું બને છે ત્યારે પણ ઘરના સભ્યો ખૂબ પ્રેમભાવથી નાની મોટી સેવા કરવા તત્પર હોય છે. નાનાં મોટાં સૌ રસોડામાં સાષ્ટાંગ પ્રણામ કરી લે છે. પછી, જ્યારે અમારું ભોજન અમે અમારા ઓરડામાં લઈ લઈએ તે પછી જ નાનાંમોટાં સૌ ભોજન લે છે. કેવો પ્રેરક નિયમ છે એ સૌનો!

વળી, મુલાકાત સમયે ઘરનાં સૌ બેઠકના ઓરડામાં અમને ફૂલો અર્પણ કરી, સાષ્ટાંગ પ્રણામ કરીને સૌની સાથે મુલાકાતમાં બેસે છે.



આજે બપોરે થોડો આરામ કર્યો. સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં અહીંના સત્યસાંઈ મંડળ તરફથી એક પ્રવચન ગોઠવાયું છે.

પૂ.શ્રી સાથે અમે ત્યાં જઈને મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે બધાં પ્રેક્ષકો ઊભાં થઈ ગયાં. એક ભાઈએ ઘંટારવ કર્યો. પ્રેક્ષકોની વચ્ચે ગુલાબ ને બીજાં તાજાં ફૂલોની પાંદડીઓ પાથરીને, દીવડાથી પગદંડી સુંદર સજાવી હતી. તેના ઉપર પૂ.શ્રી સાથે અમારે પગલાં પાડીને મંચ તરફની બેઠક પાસે જવાનું હતું.

પૂ.શ્રી ત્રણ-ચાર પગલાં પાડે છે ત્યાં તો તેઓશ્રીને સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે કે અરે! આ તો કોમળ ફૂલોની પાંદડીઓ છે. તેથી તેઓશ્રી તરત જ એ પગદંડી ઉપરથી ઊતરી બાજુમાં થઈને આગળ વધે છે.

બે બેઠકો તૈયાર હતી. મંદિરને અને સત્યસાંઈબાબાની મોટી સુંદર તસવીરને પ્રણામ કરીને અમે બેઠક લીધી.

મંડળ તરફથી એક સુંદર ભજન ગવાયું. પછી એક નાનકડી બહેન અને એક નાનકડો ભાઈ મંડળ તરફથી મને ફૂલનો ગુચ્છ અને પૂ.શ્રીને મોટો સુંદર હાર અર્પણ કરે છે. બન્ને બાળકો અમને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

આખું મંડળ ઉત્સાહી હતું. પૂ.શ્રીનું પ્રવચન અંગ્રેજીમાં શરૂ થયું. સંતોના જીવન ઉપર સુંદર મનનીય

પ્રવચન થયું. શીરડી સાંઈબાબાના પ્રસંગો પણ પૂ.શ્રીએ કહ્યાં.

પ્રવચન બાદ મેં એક ભજન ને ધૂન ગવડાવ્યાં. છેવટે આરતી થઈ. આરતી બાદ બધાં જ નાનાંમોટાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાઈબહેનો સત્યસાંઈબાબાની તસવીરને અને પછી અમને પણ સાષ્ટાંગ પ્રણામ કરી, પ્રસાદ લઈને વિદાય થયાં.

સત્યસાંઈ મંડળને એ પ્રવચન ખૂબ ગમ્યું. મંડળ સિવાયનો, બીજો જે વર્ગ હતો તેને પણ એ પ્રવચન ગમ્યું, એમ અહીંના ડૉકટર શ્રી શશીકાન્તભાઈએ જણાવ્યું.

મંદિરમાં લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિ હતી. મંદિરનો હૉલ પણ ઘણો મોટો હતો. પ્રેક્ષકોની સંખ્યામાં નાનામોટાં બાળકોનો પણ સમાવેશ થતો હતો. આ મંદિરમાં દર રવિવારે અને દર ગુરુવારે મંડળના સભ્યો મળે છે અને સત્સંગ, ભજન-કીર્તન કરે છે. વિશેષતા તો એ છે કે એમાં નાનાં બાળકો પણ નિયમિત ભાગ લે છે. મંડળનાં ઉત્સાહી ભાઈબહેનોએ ફૂલોની પગદંડી દીવડા સાથે શણગારી હતી. સંતોને આવકારવાની એમની એ અનોખી રીત હતી.

પ્રવચન પૂરું થયા બાદ અમે ગાડીમાં બેસીને પાંચ જ મિનિટમાં ઉતારે આવી ગયાં.

હરિઃ ૐ



## ॥ પૂ.શ્રી'મા' સર્વેશ્વરીનો દીક્ષાદિન ॥

ઈતિહાસ કહે છે કે, '૧૯૭૯માં ૧૯ જાન્યુઆરીના રોજ દક્ષિણ ભારતની યાત્રામાં શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના સુંદર, શાન્ત સ્થળમાં ઈશ્વરના અનુગ્રહથી વગર માંગ્યે 'મા'ને દીક્ષા મળી.'

પૂજ્યશ્રી યોગેશ્વરજી કહે છે તેમ; 'એમના (પૂ.'મા'ના) સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ કે કોઈપણ પ્રકારની પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો.' જીવનના આધ્યાત્મિક વિકાસનું કલ્યાણકાર્ય એ પછી આપોઆપ થવાનું હતું.

'એ પવિત્ર તીર્થસ્થાનમાં મેં એ 'અસાધારણ સંસ્કારસંપન્ન આત્માને' 'અંતરના અંતસ્તલમાંથી આશીર્વાદ' આપ્યા પછી મારું ધ્યાન એમના પ્રત્યે અધિક ખેંચાયું.'

'પ્રેરણાનો નવો પ્રેરક પ્રાણવાન પ્રવાહ પેદા થયો. એ પ્રવાહ અલૌકિક, અખૂટ ને અદ્‌ભુત હતો. એ પ્રવાહે એમને સંજીવનશક્તિ પ્રદાન કરી.'

ન દીક્ષા કોઈએ માગી, ન કોઈએ આપવાનો સંકલ્પ કર્યો, છતાં દીક્ષા અપાઈ-લેવાઈ. આ શું સૂચવે છે ?

પૂજ્ય 'મા' અને પૂજ્યશ્રીનો નાતો અલૌકિક, દિવ્ય, અનુપમ ચૈતન્યનાતો હતો. એક દિવ્ય ચેતનાનું અન્ય દિવ્ય ચેતના સાથેનું આ સાયુજ્ય હતું, જે પ્રભુનિર્મિત હતું.*

* 'મા'ની દીક્ષાની વિશેષ વિગત માટે 'અધ્યાત્મ'-એપ્રિલનો અંક જોવા વિનંતિ.

## ॥ પૂજ્યશ્રી'મા'ની દક્ષિણ ભારતની યાત્રા ॥

પરમ પૂજ્ય'મા'એ યાત્રાને સાચા સાધક બનાવવાના સર્વોત્તમ જીવનઘડતર કરવાના 'અભ્યાસક્રમ' તરીકે નિહાળી હતી. એટલે પૂજ્યશ્રીને એમનામાં 'વિશેષ આધ્યાત્મિક શક્યતા' પ્રતીત થતાં એમનું સવિશેષ ધ્યાન એમના તરફ જાય એ સ્વાભાવિક હતું.

પરમ પૂજ્ય 'મા' 'કથામૃત'માં સ્પષ્ટ લખે છે : 'અમારી આ યાત્રા જાણે યોગેશ્વરયાત્રા હતી. એ જ તીર્થસ્નાન, એ જ તીર્થદેવતા, આરાધ્ય, ઈષ્ટ, સ્મરણીય, વંદનીય અને એ જ વેદશાસ્ત્ર.'

પરમ સાથેની પ્રીત અહીં પાંગરી રહી હતી.

પૂ.'મા' આગળ લખે છે :

'યાત્રામાં આખો દિવસ શ્રી ગુરુદેવપ્રભુની પાવન મૂર્તિનું જ ચિંતન ચાલ્યા કરતું હતું. એમની વાણી, એમની ચાલ, એમની દિવ્યતા, એમની સાધના, એમની શક્તિ-ભક્તિ સઘળું દિવ્ય લાગતું હતું. બધું જ આકર્ષક, ઉચ્ચ, પવિત્ર લાગતું હતું.'

તેથી જ બહારના જોવાલાયક સ્થળોમાં રસ ઓછો થતો ગયો. સમગ્ર સૃષ્ટિમાંથી રસ ધીરેધીરે વહેતો વહેતો આ સ્વરૂપે સ્થિર થવા મથતો હતો. રસસ્વરૂપ આ મહાપુરુષ જ લાગતા હતા. સમગ્ર સૃષ્ટિનો સાર આ પરમપુરુષમાં જ સમાઈ જતો હતો.



ઘરમાં નાના બાળકનું કાર્ય એક જ હોય અને તે એની માતાની આસપાસ રમ્યા કરવાનું. અખંડ માને જોયા કરવાનું. માની હાજરી એનો પ્રાણ. એની બધી પ્રવૃત્તિ માની આસપાસ રહીને જ હોય. એની આખી દુનિયા માની અંદર સમાઈ જાય. મા જ એનું સર્વસ્વ, એનું ચિંતન, એનું જીવન. એ જ રીતે માતા ગમે ત્યાં હોય, ગમે તે કાર્ય કરતી હોય પણ એના મનનો એક ભાગ સતત એના બાળકમાં રમતો હોય. એની અમીદૃષ્ટિ બાળકનું રક્ષાકવચ.

પરસ્પર એ વ્યવહાર. પરસ્પર એ પ્રેમથી જ જીવન જીવવા જેવું, નંદનવનસમું લાગે. 'પરમાત્મા પવિત્ર પ્રેમના સાગર જેવા હોય' એવું શાસ્ત્રોમાં જે વાંચીએ છીએ તે આ મહાપુરુષના જીવનવ્યવહારને જોતાં તદ્દન સાચું લાગે છે. પાત્રતા વધતી જાય તેમ તેમ કૃપા વરસતી જાય, આશીર્વાદ મળતા જાય.

---

'આપણે જગતને એવો આદર્શ ધરીએ કે, જગત મોંમાં આંગળાં નાખી જાય. જુએ કે, પ્રેમ તો આવો, ત્યાગ તો આવો જ જોઈએ. સમર્પણભાવ હોય તો આવો જ જોઈએ. સંયમ-મધુરતાનો આદર્શ !

પ્રભુનું મધુર, પવિત્ર પ્રેમસ્વરૂપ જ યાદ કરો. પ્રેમથી જ જીવવાનું ને પ્રેમમય જ વ્યવહાર.'

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ પૂજ્યશ્રી યોગેશ્વરજીનો પત્રપ્રસાદ ॥

તા.૨૪/૧/૧૯૭૮

પ્રિય,

યાત્રા ખરેખર જીવનયાત્રા-સાધનાયાત્રા બની ગઈ, ખરું ને? નવું જ પ્રકરણ ઊઘડ્યું છે. પૂર્વના સંસ્કાર પ્રગટ્યા છે. તપ હતું, તિતિક્ષા હતી તો ભક્તને ભગવાન મળ્યા. પ્રેમ પ્રદાન કર્યો. કૃપા વરસાવી. હજુ વરસાવશે ને ધન્ય કરશે. આ દિવસો દેવદુર્લભ છે. સમય ખૂબ કિંમતી છે. છૂટો પડેલો આત્મા ભેગો થયો, હજુ થશે. શરીર તો સાધન છે, સુખ એનું નથી પણ આત્માનું છે. તે તો રહેશે જ. વધતું જશે. ઈશ્વર અનુકૂળતા કરી આપે છે, કરશે. આત્માનંદ માટે ધ્યાન પણ કરવાનું છે.

મારું હોય તેને મારા બરાબર માનું છું.

આશીર્વાદ.

## ॥ પૂજ્ય 'મા'નો પ્રતિભાવ ॥

આ નાનકડો પ્રથમ પત્ર અમે સાચવીને હેન્ડબેગમાં સંતાડી દીધો. કારણ, અમે તો મેટાડોરમાં સૌની સાથે હતાં. સૌ એકબીજાની બેગ ખોલી શકતાં હતાં ને તેમાં આવો પત્ર સંતાડવો જ પડે. પૂ.શ્રીએ તો છેલ્લું 'બ્રહ્મવાક્ય' લખીને આ જીવનને ફૂલની જેમ ઊંચકી લીધું અને એ બ્રહ્મવાક્યને એમણે જગમંચે જીવાડ્યું. દક્ષિણની યાત્રા તો માત્ર નિમિત્ત હતી.



પૂજ્યશ્રી 'મા'ની વિદેશયાત્રા દરમિયાન આયોજિત

## ॥ પનામાની 'યુવા-ધ્યાનશિબિર' ॥

## ॥ અર્પિતા ॥

સંગીતમાર્તંડ પદ્મવિભૂષણશ્રી પંડિત જસરાજ પોતાનો પૂ.મા સાથેનો સંબંધ વર્ણવતા કહે છે. "હું માનો લાડલો છું," વાસ્તવમાં એ વર્ણન આપણા સૌ માટે, સમસ્ત મા-પ્રભુ પરિવાર, સમસ્ત સૃષ્ટિ માટે લાગુ પડે છે. પૂ.માએ સતત સતત આપણી કેવી માવજત કરી છે, સાચવ્યા છે, સંભાળ્યા છે, જીવનની પ્રત્યેક ક્ષણે આપણામાં પ્રાણ, સંસ્કાર અને સમજ સીંચ્યાં છે. પૂ.માએ એ લીલાનાં દર્શન ફરી એકવાર '૨૦૧૮ની યુવાશિબિર'માં કરાવ્યાં.

ઘણ ઘણા ગૂઢ પાઠ, અનરાધાર પ્રેમ અને એક નવી જ દિશા, એક નવી સમજ આ શિબિરમાં પૂ.માએ એમના યુવાનોને ધરી.

આ વર્ષે પનામાના સત્સંગીઓના પ્રેમાગ્રહને વશ થઈને પૂ.માએ પનામા દેશના પનામા શહેરમાં યુથશિબિર યોજી હતી. પૂ.માના પ્રેમ અને કાળજીની મિસાલરૂપે એમના યુવા બાળકોનું સ્વાગત કરવા શિબિરના ૮ દિવસ પહેલાથી જ પૂ.મા સ્વયં પનામા પધારે છે. બાળકો આવે તે પહેલાં એ લોકો ક્યાં રહેશે? શું જમશે? કેવી રીતે રોજ આવ જા કરશે? આ બધી વિગતવાર માહિતી પૂ.માએ યજમાન શ્રી દિવ્યેશભાઈ અને બીનાબેન પાસેથી મેળવી લીધી.

રોજનો નિત્યક્રમ શું હશે ? શું પીરસાશે ? શું બતાવાશે ? (ડીવીડી/બ્લુ રે) એની તો તૈયારી શિબિરના ૩-૪ મહિના અગાઉથી જ પૂ.મા કરી રહ્યાં હતાં. બાળકો માટે ખાસ માઉન્ટ એવરેસ્ટની બ્લુ રે મંગાવી હતી. શિબિરનો વિષય આપેલો ''ધ્યાન'' "Meditation". શ્રી પ્રતિકભાઈ, શ્રી હિતેશભાઈ, શ્રી ભાવનાબહેનને તે વિષય પર માહિતી એકઠી કરવાની સૂચના પહોંચાડી હતી.

પૂ.મા એ સૂચન કર્યું હતું કે ૩૦ મિનિટની ધ્યાનની ૩ બેઠક રોજ કરવી. અઠવાડિયા દરમ્યાન શું કરીશું, તેનું એક સમયપત્રક પૂ.માને આપવામાં આવ્યું તે જોઈ પૂ.મા કહે :

''સૌ આવે છે એમનો સમય અને પ્લેન ભાડાં વસૂલ કરાવવાના છે. સૌને ઠાંસી ઠાંસીને ભરાઈ જાય એટલું આપી દેવાનું છે, શું કરશો ?''

વાંચન, ચર્ચા વિચારણા-એવા સૂઝાવ પ્રસ્તુત થતા પૂ.મા કહે, ''બહુ વાંચ્યું, કેટલી ચર્ચા વિચારણાઓ કરશો ? હવે કંઈક કરો. ધ્યાનની ૩ બેઠક કરો.''

પૂ.માના આ વાક્યમાં પૂ.માની એમના બાળકોને ઉપર ઉઠાવવાની, એમનું સ્તર, એમના પાસેની અપેક્ષાને એક નવી કક્ષા પર મૂકવાની આશા સ્પષ્ટ દેખાઈ આવે છે. સ્વામી શિવાનંદે કહ્યું છે : ''ગુરુને માત્ર તેમના શિષ્યના વિકાસની જ પડી છે,'' પૂ.માના એમના બાળકોના વિકાસની યોજના ઘડતા અહીં જણાય છે.

પનામા યુવા શિબિરમાં ભાગ લેવા અમેરિકા અને કેનેડાથી ભાઈ બહેનો આવ્યા હતા. દરેક જણ ફ્લાઈટમાં બેસી ગયા ?



ચૂકી ગયા ? ફ્લાઈટ આવી ગઈ ? મોડી પડી ? પનામા પહોંચી કોણ લેવા ગયું ?, લેવા જનાર કેવી રીતે ઓળખાશે ? લેવા જનારને આવનારા મળી ગયા ? હોટલ પહોંચી ગયા ? આ બધી જ મિનિટ મિનિટની માહિતી પૂ.મા મેળવતા રહ્યા. દરેક ક્ષણે કોણ ક્યાં છે, તે પૂ.માને ખબર હોય. આ લીલા દ્વારા એ દર્શન થાય છે કે જીવનમાં પ્રત્યેક પળે આપણે શું કરીએ છીએ, ક્યાં ફરીએ છીએ, શું વિચારીએ છીએ તેની પૂરેપૂરી જાણ, સંભાળ, ચિંતા પૂ.મા ને હોય જ છે. આ લીલા દ્વારા "Maa is always with you" એ મહામંત્રની સચોટતાના દર્શન કરાવે છે.

પનામા દેશ આવનાર બધાં જ બાળકો માટે નવો દેશ છે. ત્યાંની ભાષા સ્પેનીશ છે. બાળકો એકલા હોટલમાં રહેવાના છે આ બધી વસ્તુઓની પણ પૂ.મા સતત ચિંતા કરતાં રહેતા. વારે વારે ચિંતા વ્યક્ત કરતાં કહેતા, ''સૌને કડક સૂચના આપજો, હોટલની બહાર કોઈએ જવું નહીં. ક્યાંય એકલા જવું નહીં. આ દેશ સલામતીની દૃષ્ટિએ અમેરિકા કે કેનેડા જેવો નથી. આ આપણો દેશ નથી. આપણને ભાષા પણ નથી આવડતી. કોઈ ખોટા માણસોના હાથમાં ના પડી જઈએ, આપણે નવા છીએ તે દેખાઈ આવે.''

આ રીતે વારંવાર બાળકોની ચિંતા/કાળજી કરતાં કહેતા રહેતા અને પ્રથમ દિવસથી જ એ સૂચનાઓ એ પ્રમાણે અપાતી રહી.

આમ તૈયારી કરતા કરતા શિબિર નો મંગલ શુભારંભ આવી પહોંચ્યો. પૂ.માએ સૌ બાળકોને શિબિર દરમ્યાન પહેરવા

એક "ID Card" આપ્યું. તેના પર લખેલું : "Maa is Always with You"

આ ID બનાવતા પહેલાં બેન શિપ્રાએ પૂ.માને વિનંતી કરી હતી કે પૂ.મા ID પર લખવા વાક્ય આપે, એમના યુથને પૂ.મા તરફથી સંદેશ મળે. પ્રથમ તો પૂ.માએ કહ્યું : ''મા અને પ્રભુએ આટલા બધા સંદેશાઓ આપ્યા છે, તમે સૌ મળીને કોઈ એક સંદેશ પસંદ કરી લો.'' પણ શીપ્રાબહેને પોતાની પ્રાર્થના ચાલુ જ રાખતા પૂ.માએ જ સ્વયં એ અમર સંદેશ, અમર વચન, અભય વચન એમના બાળકોને આપ્યું : "Maa is Always with You" આનાથી વધારે મોટું શું અને કોણ આપણને આપી શકે ? એ સ્વયં આપણી સતત સાથે જ છે, પછી બીજું આપણને શું જોઈશે ? શું માંગશું ? શું પ્રાપ્તવ્ય રહી ગયું ?

એવો અમર સંદેશ જો પૂ.માએ પોતાના તરફથી આપી દીધો, તો સૌ પ્રથમ સ્વાગતની બેઠકમાં જ પૂ.માએ બાળકોને એમની ભૂમિકા પણ સમજાવી દીધી અને એમનું કર્તવ્ય સમજાવતું એક પદ પીરસ્યું.

**''ઝાકળબિંદુ હું બની જાઉં''**

પૂ.માનું એ પદ ગુરુ સમર્પણના નાજુક છતાં ભગીરથ ભાવને નજાકતથી ઝીલે છે. તેનો ભાવાર્થ સૌને સમજાવવામાં આવ્યો. તે શિબિરનો પ્રથમ પાઠ.--''હું તમારી સાથે જ છું, તમે માત્ર સમર્પિત થઈ જાઓ.''

બીજે દિવસે પ્રભાતે પૂ.માએ બીજો સંદેશ આપ્યો : જે ઝીલતાં સમસ્ત જીવન ઓછું પડી જાય તે શીખ હતી.



**''ગુરુએ ગૌરવ લેવા જેવું**
**જીવન ઝળહળ કરી દો એવું''**

પૂ.માનું જ એ પદ છે. પૂ.માએ કહ્યું : ''આજ શિબિરનો સાર, આજ Theme છે.'' પૂ.મા એ એક જ પંક્તિમાં જન્માંતરનું લક્ષ્ય, ધ્યેય, સાધનાનું સાધન, સાધનાનું માપદંડ, જીવન જીવવાની રીત, એનું પરિમાણ, સર્વ કંઈ એ પદમાં પીરસી દીધું.

૨૦૧૬, ૨૦૧૭ ને ૨૦૧૮ની આ ત્રીજી યુવાશિબિર હતી. દરેક શિબિર અનેરી, પ્રત્યેકનું સ્થળ, રૂપરેખા, દિનચર્યા અનોખી. દરેક યુવાશિબિરમાં જાણે યુવાનોની પ્રગતિ થતી રહી. પ્રથમ શિબિરમાં યુવાનો પૂ.માની સંનિધિમાંમાં પૂ.મા સાથે એક જ મકાનમાં રહી, ત્યાં જ પ્રાર્થના, સત્સંગ ભજન, વિશ્રામ, સર્વ કંઈ કરતા. ૨૦૧૭માં પૂ.માનું મકાન છુટું હતું. પણ પ્રાર્થના, સત્સંગ માટે પૂ.માના જ મકાનમાં સૌ કોઈ આવતા. આખો દિવસ લગભગ પૂ.માની સંનિધિમાં જ વિતતો. પૂ.મા પણ દર્શન, વાંચન, સ્લેટનો લાભ આપતા. તો આ વર્ષે યુવાનો પૂજ્ય માના નિવાસથી દૂર એક હટમાં રહેતા, સત્સંગ, ભોજન એક બીજા હોલમાં થતો, અને દિવસમાં માત્ર એકવાર પૂ.માના મૌન પદ્માસનમાં દર્શન થતા. ૨૦૧૬માં કોલોરાડોના શાંત, એકાંત સ્થળે, કુદરતને ખોળે પૂ.મા અને યુવાનોનો નિવાસ હતો. ૨૦૧૭માં વર્મોન્ટ છેક ઓછી વસ્તીવાળું સ્થાન હતું. ને ૨૦૧૮માં તો ધમધમતું પનામા શહેર. મુંબઈ દિલ્હીની હરોળમાં આવે એવું માનવમેદની અને સંસારના ઘોંઘાટથી ભરેલું શહેર ! એવા શહેરમાં યુવાનો માટે પૂ.મા થી દૂર રહીને પણ પૂ.મા સાથે સતત તાદાત્મ્ય સાધી રાખવું એ એક કસોટી હતી.

એ પ્રમાણે આ શિબિર ઐતિહાસિક ગણાય. કારણ નવો દેશ, નવી ભાષા અને નવા નવા યોગેશ્વર પરિવારના યુવાનો પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં એક સાથે ભેગા થયા. સત્સંગ ગુજરાતી, અંગ્રેજી સાથે સ્પેનીશમાં પણ અનુવાદિત થતો રહ્યો. પ્રથમવાર મંચપર સ્પેનીશમાં કાર્યક્રમ થયા. સ્પેનીશમાં ધૂન ગવાઈ. પણ સૌથી મોટી ઐતિહાસિક ઘટના એ થઈ કે અમેરિકા અને કૅનેડાના યુવાનો એ પૂ.માના મૌનનો, પૂ.માની પરોક્ષ હાજરીને ઝીલી, જીરવી, સ્વીકારી, વધાવી અને એનું ગૂઢ અર્થઘટન કર્યું. યુવાનોએ મીટિંગ કરી, એકમેકને જગાડતા કહ્યું : ''મા આપણને તાલીમ આપી રહ્યા છે. આપણે મા પાસેથી જેટલું શીખ્યા એને અમલમાં મુકવાનો આ સમય છે. આપણે જે વર્તન પૂ.મા સમક્ષ સત્સંગમાં રાખીએ છીએ તે જ વર્તન, તે જ શિસ્ત પૂ.મા પ્રભુના સ્વરૂપ સમક્ષ જાળવવાની આ તાલીમ છે. આપણી પેઢી એવી છે જેમણે પૂ.મા પ્રભુનો સંદેશ વિશ્વમાં ફેલાવવાનો છે. જેમ આ નવા પનામાના સ્વજનોને આપણે અહીં મળ્યા નવા બાળકો, નવા યુવાનોને જેમ પૂ.મા પ્રભુ વિશે આપણે શીખવીએ છીએ. તેમ નવા નવા લોકો યોગેશ્વર પરિવારમાં જોડાતા જશે, ત્યારે આપણે મા-પ્રભુના આદર્શ બાળકો બનીને જન સમાજને શીખવીશું, આપણા મા-પ્રભુના સંદેશા આપીશું. આજે પૂ.માનાં દર્શન માત્ર એકવાર થાય છે, પણ એવો પણ દિવસ આવશે જ્યારે આપણે યુવાશિબિર યોજીશું, ને પૂ.મા પ્રભુની માત્ર સૂક્ષ્મ હાજરી જ હશે. આપણે એ સૂક્ષ્મ હાજરીને અનુભવતાં શીખી જવાનું છે. આપણે મા-પ્રભુના માધ્યમ બનવાનું છે.'' આવા સંદેશા યુવાનો એકમેકને જાહેર મંચ પરથી આપતા રહ્યા.



એટલું જ નહીં પૂ.માની ઉત્તમ યોજનાનું પણ અદ્‌ભુત ઉદાહરણ આ ઐતિહાસિક શિબિરમાં જોવા મળ્યું. આજ સુધી નાનાં બાળકો આ શિબિરમાં સામેલ થયા ન હતા. આજ વર્ષે પૂ.માએ માની ફૂલવાડીનાં બાળકો : કાવ્યા, પૂજ્યા અને મોક્ષ ને સામેથી યુવાશિબિરમાં તેડ્યા હતા. ઈશા અને વિરેનને પણ મંજુરી આપી હતી. આ બાળકોએ મળીને યુવાશિબિરમાં રોજ 'ૐ મા કલાસીસ' ચલાવ્યા. એટલે કે નવા આવનાર બાળકો અને યુવાનોને મા-પ્રભુ વિશે, મા પ્રભુના જીવન સંદેશ વિશે સત્સંગ કરાવ્યો. આમ પૂ.માએ આવતી પેઢીને એમનું ઉત્તરદાયિત્વ આ શિબિરમાં સ્વયં મૌન રહીને સમજાવી દીધું.

શિબિર પહેલાં પૂ.મા એ ''કંઈક કરો'' એ શબ્દોથી દિશા ચીંધી હતી. પૂ.પ્રભુના ધ્યાન ઉપર સુંદર, સરળ અંગ્રેજીમાં પ્રવચનો સંભળાવી : ધ્યાન એટલે શું ? કેમ કરવું જોઈએ અને કેવી રીતે કરવું જોઈએ તે સંભળાવ્યું. પૂ.મા એ સ્વયં ધ્યાનની ૧૦ પ્રકારની રીત સમજાવી, રોજ પૂ.મા સાથે ૩૦ મિનિટ ધ્યાન સૌને કરાવ્યું, પ્રણામ, વ્યાયામ, આરોગ્ય, ઉપવાસના મહત્ત્વ સમજાવ્યા. પૂ.મા એ યુવાનોમાંથી પણ વિવિધ વક્તાઓને વિદ્યા, ભણતર, શ્રદ્ધા, શારીરિક વ્યાયામ અને વિકાસ, માનસિક દઢતા, પ્રણામના નિયમ વિશે બોલવા ઉભા કરીને સૌને પ્રેરણા ધરી. આ રીતે ''કંઈક કરો'' એવું માત્ર બોલી બતાવવાને બદલે પૂ.મા એ વિવિધ સાધનાના અનેક દ્વાર યુવાનો માટે ઉઘાડ્યાં.

આમ 'મધર ઓફ સરપ્રાઈસીઝ'ની આ ફરી એક અનોખી શિબિરનો લાભ મળ્યો. પૂ.માના અનેક નવા પાસાંઓના દર્શન

થયાં. આપણા મનની પૂ.માની છબીમાં થોડા રંગો વધુ ઉમેરાયા. Thank you પૂ.મા for everything, forever. તારી સાથેની પ્રત્યેક મુલાકાતમાં જે કરુણા અને જ્ઞાનનો દરિયો તું વહાવી દે છે, તે કદી ના ભૂલીએ, તારા બતાવેલા માર્ગ પર આગેકૂચ કરી શકીએ. અરે તું જ અમને એ માર્ગ પર ઉંચકીને લઈ જજે, એ જ પ્રાર્થના.

પ્રણામ મા, Thank you Maa.

❋

## ॥ હિતેશ લાડ ॥

Jai Krupalu Maa !

I bow down to Pujya Shree Yogeshwar Bhagwan. I bow down to Pujya Shree Maa Sarveshwari. I bow down to Shree Shiridi Sai Baba.

July 15, 2018 to July 21, 2018 marked the very first Fulwadi Shibir in Canada ! Thank you Pujya Maa for giving us the opportunity to host ! Everything is only possible because of you !

Our congratulations to our Fulwadi Families in the Us who have successfully organized 5 Shibirs to date ! They have done a wonderful job ! Organizing a Fulwadi/Shibir is not a very



easy task. However, it becomes much easier if you pray for guidance from Pujya Maa. Incredible are her ways and how she lends her invisible helping hand once your surrender to Her !

If one wisely reflects on the events during and leading up to the shibir, one will come to know that her guiding force was supporting us every step of the way.

Here are but a few examples of Pujya Maa's hidden powers and divine hands at work.

**Miracle of Maa's Cottage**

Maa had suddenly asked us to book a Fulwadi just a few weeks before it began. No one had expected this. We had very little time left. It was july, the busiest cottage month of the year. Normally, most of the cottages get booked 6 months in advance ! We had to act fast. After much research through the internet, 7 cottages were booked online within 2 days ! We felt great relief as this was one of the main obstacles. A separate place was also selected and booked for Maa. Since this was our first-time booking, we did not actually visit the cottages to check them out.

We then got a message from Maa asking us if anybody checked the cottages out ? I have learned from previous experiences with Maa, that when she asks a question, she is usually giving us a hint about something. We decided to drive to Collingwood immediately on the last Sunday before the start of the Shibir to check the cottages out.

6 cottages were for the devotes and 1 was for Maa. Although the 6 cottages for the devotees appeared okay, we were disappointed when we saw the place booked for Maa. The information on the internet was very misleading. By physically visiting the property, we found out that this property was actually a townhouse that Maa would have to climb 3 sets of stairs ! The unit was also not spacious for Satsang, and the unit was in a very pubic area with high traffic. We collectively realized that this would not be a suitable accommodation for Maa.

After reaching back home that day we found on the internet. that there was only 15 cottages out of 200 that were available ! All the good cot-



tages that would be suitable for Maa were booked. As we reviewed each of the remaining 15 cottages 1 by, 1 none of them seemed suitable for Maa ! Finally, as we got to the remaining few, there was one cottage that caught our attention that appeared suitable for Maa. This gave us hope and excitement ! After further research, we found out that this cottage was fairly large at about 4200 square feet. There was a fully finished basement with 4 bedrooms and a big open room with carpet that would be ideal for general Satsangs. There were also 2 bedrooms on the main floor and an additional 2 on the 2nd floor. This ensured Maa would not have to climb any stairs. All washrooms were modern and spacious. All appliances where stainless Steel. The kitchen had all granite counter tops and the house was very modern. And the most important factor it was available for the date we needed ! Shitalbhai and ketanbhai wasted no time and booked this cottage immediately !

Indeed, if we look back, how was it possible that there was only one cottage left that was perfect for Maa, with only 1 week left ? This was

indeed a miracle ! And who was the hidden force behing all of this ! It was none other than Pujya Maa !

**Miracle of Maa Swagat**

On Monday july 16, 2018, we were expecting Maa to arrive in the late afternoon around 4:30–5:00 pm. The plan was that the kids and parents would all go back to their sleeping cottages around 3:00 pm to get ready in their white kafnis and Punjabi dresses and get back to Maa's cottage at 4.30 p.m. to practice Maa's swagat. This seemed like a perfect plan.

However, even the best of plans can break down. There were last minutes changes in the schedule and one of the guest speakers was supposed to speak at 4.00 pm. Hence our plans to receive Maa were in jeopardy. However, our guest speaker, Dr jit Mistry suddenly arrived 1 hour earlier than expected ! In addition, he was scheduled to speak for 2 hours, however, the presentation went so smoothly, that he was able to finish in 1 hour ! This allowed everyone to get ready in the prayer hall and make



it to Maa's Cottage by 4.30 p.m. after all, just like originally planned ! Dipikshaben had just enough time to co-ordinate Maa's swagat with all the children. And Maa arrived within minutes of everyone finishing practicing their lines ! How could this be possible ? Surely there was a Divine force behind this !

Thus, we were able to receive Maa beautifully outside on the driveway. Maa was very pleased with the swagat and mentioned that this was the first time a swagat was performed with everyone wearing Gandhi Topis !

Dhanyavad Maa, Dhanyavad, Dhanyavad !

**Miracle of the Protection from Rain**

After we finished performing Maa's swagat, we all went inside where we had a 1–hour Satsang with Maa. Within 5–10 min of us all going in the house, there was a spectacular thunderstorm outside ! It was pouring rain continuously ! Oh, how did Maa protect her little children from the rain ! How strange was it that we narrowly missed the storm ! Had it rained when we were waiting for Maa, then what ? Our

swagwat plans would have been ruined ! But Maa controlled the elements to keep her devotes happy ! Even the rain–Gods are at your command ! Thank you Maa ! Thank you for your protection !

**First Miracle of the Boat Cruise–Idea planted by Maa**

Dharmeshbhai, Ketanbhai and myself did a lot of research on activities to do in Blue Mountain, Collingwood. Maa did give us a hint to try to book some activities that were totally different from pervious Fulwadis. Hence, we had several ideas which everyone agreed to. So the plan was set and these activities were pre–scheduled. However, exactly 1 week before the shibir, as I was sitting in front of the computer, the idea of going on a Boat Cruise suddenly entered my mind from nowhere. Out of curiosity, I searched for boat cruises in the Collingwood area on the internet. Although there were 5 boat companies, one of them caught my attention–Collingwood area on the internet. Although there were 5 boat companies, one of them caught my attention–



Collingwood Charters Boat Tours. In fact, the Sunset Cruise was the tour that made me excited and instantly garnered my attention. How great would it be to go on aboat cruise with Maa and watch the Sun set ! And thus, began the journey of booking a Boat Cruise with Maa ! We will later see how this journey unfolded, with various obstacles along the way ! But from where did this idea suddenly originate in my mind ? 1 week of research did not generate this idea and yet this suddenly surfaced from nowhere ! Alas, who can claim the idea of the boat tour ? It is non-other than Pujya Maa ! It was Her idea alone ! We are mere instuments in her Divine Hand ! Dhanyavad Maa ! Dhanyavad !

**Second Miracle of the Boat Cruise-Booking Problems**

When I called the Boat company, We had only confirmed around 45 participants. The thought had occurred to me that we should rent the whole boat. However, in order to do that, we had to have over 60 participants, otherwise it would be very costly. However, when it was de-

cided that we should try to rent the whole boat, 4 tickets were already sold to the public, hence we could not rent the whole boat for ourselves. This was very disappointing. We decided to book the remaining tickets, even though it meant we would be buying 11 more tickets than needed. We were worried that we had bought too many tickets.

Do to the grace of Maa, slowly, as the week progressed, 9 more people arrived at the Fulwadi than expected. That was unexpected. Then, Puspaben approached me and asked if she or Gitamasi could come on the cruise ? I said, "Yes, both of you can come ! You are very lucky ! we have 2 last tickets left !" Hence all tickets were utilized ! What incredible grace is this ! Only through the grace of Maa is there on lack, but abundance ! Dhanyavad Maa !

**Third Miracle of the Boat Cruise-More Booking Problems**

The thought entered my mind that what if more devotees came ? Out of curiosity, I asked the Boat Cruise Manager if more people came



would we be able to squeeze more people in ? The manager was very strict and said that no more people would be allowed as they had regulations on the maximum number of people that were allowed. She indicated she would not budge on the matter.

2 days before the cruise, we had decided to visit the office and check the boat out to make sure it would be suitable for Maa. I spoke to the Manager and again hinted if we could add more people to the boat. Perhaps I had thougt that by meeting me person, she would have a change of heart. She again said in a strict manner, "Mr. Lad, I already told you, we have reached the maximum limit. I cannot allow any more people on the boat !"

What was the use in arguing with the boat Manager ? I decided to drop the matter altogether. However, the next day we soon found out that suddenly 5 more people were coming to the Shibir ! Chiragbhai wanted to bring his family of 4 for a day trip and Nisha from Toronto also came. Now what to do ? When we are in

trouble, and cannot resolve a problem I have always learned that prayer is the ultimate refuge. I decided I had no choice but to call the manager 1 more time. However, this time I prayed to Maa for 30 minutes before I called the Manager. After I finished praying, I dialed the number for the Manager. There was no answer. Perhaps Maa wanted me to pray more ! I Prayed for anther 15 minutes. I then called the Manager again. This time she answered the phone. I hesitantly asked the Manager if we could add more people as we unexpectedly had 5 more guests. There was a long pause and silence on the line. Then the Manager suddenly said, "Alright Mr. Lad. I will make an exception for you. You may bring 5 more people. However, let me warn you, if you bring 1 more passenger, I will refuse them entry on the ship ! Have I made myself clear ?"

I was delighted and stunned by the sudden change of heart by the boat Manager ! How could she possibly change her mind ? This indeed was another miracle ! This was only because of the grace of Maa ! She had listened to



my prayer ! I graciously thanked the manager and said I would bother her no more ! Dhanyavad Maa, Dhanyavad ! Pranam, pranam, pranam !

**Forth Miracle of the Boat Cruise-More problems on the day of the Cruise !**

The day of the Boat Cruise finally arrived. It was Friday, also the official day of the Shibir. The Boat Cruise Manager spoke with me in the morning and asked me to produce a list of all passengers who were going to be in attendance for the cruise. This was for their records and she asked me to have it ready before we boarded the ship. We were to arrive by 7:00 pm at the docking station. At 5:00 pm, Maa had a Satsang with everyone. I decided I had no choice but to skip the Satsang as this was the only opportunity I had to create the list for the Manager. I brought my laptop and stated working on finalizing the list. As I completed the list, something appeared wrong with the list ! I double checked, triple checked and quadruple checked ! Were my eyes deceiving me ? The

worst of my fears came true ! It could not possible be true ! I had somehow accidently miscounted ! I had actually 2 more passengers than the Manager would allow ! I nearly collapsed to the ground in devastation ! How could this happen ? To make matters worse, the words of the Manager started ringing loudly in my ear, "Let me warn you, if you bring 1 more passenger, I will refuse them entry on the ship !" Oh god, now what was I to do ? I didn't want to disappoint anyone ! I myself was ready to not go on the ship, but how could I ask anyone else to volunteer to not go on the ship ?

Prayers, prayers, prayers ! This was my only refuge. Once again, I started chanting Rakshamam dhoon, feverously praying to Maa to help me ! I continued chanting for 30 min. Perhaps the manager would not like me anymore, but I had to ask 1 last time....I slowly dialed the number. The manager picked up the phone. Before I could even say anything, she said, "Oh Mr. Lad. I am glad you called. You wouldn't believe this. Of the 4 people that



bought a ticket before you, 2 of them (a couple), just called me and decided to cancel their tickets at the last minute ! You may bring 2 more people if you like !"

I could not begin to imagine what just happened. I thanked my lucky stars. I had witnessed yet another miracle of Maa ! Does any thing need to be said of the greatness of a Guru ? Hey Maa–how you look after your devotees and resolve all their problems ! Koti pranams to you Maa.

**Final Thoughts**

Ultimately, the success of this Shibir can be fully attributed to Maa who was the hidden force behind everything. It was due to her incredible grace that we were protected from many obstacles. We are also grateful for the countless help we received from the many devotes who sacrified a lot of their time to help plan this Fulwadi, including youth, elders, parents and children.

**Hemalbhai**

This Fulwadi would not be complete if we

did not mention Hemalbhai. How lucky we were that Hemalbhai came to Canada and North America for the first time in his life !

How lucky were we that such a talented and unique personality was to attend the Fulwadi as an honoured guest ? How lucky were we that Maa's official videographer was going to personally film the Fulwadi ? Thank you Hemalbhai for all your love, service and dedication. Your love and service to Maa will never be forgotten. Your presence has made this Fulwadi memorable. We will always remember you with love.□

Thank you Maa for everything you do. Thank you Maa for your protection. Thank you Maa for the love you shower on all your devotees. Please forgive us for any mistakes we have made knowingly and unknowingly. May you always shower your blessings upon us ! May you always be amongst us, to guide and protect us always !

Pranams, Pranams, Pranams !



## ॥ 'સાઈકલયાત્રા'ના પ્રારંભે 'મા'નાં આશીર્વચન ॥

હવે તમે વીરત્વભરી રમત રમવાના છો ને અહીં તે રમત પૂરી કરીને પછી જ 'મા'ને મળવાનાં છો.

□

કોણે કોણે નક્કી કર્યું છે કે, જે થાય તે પણ યાત્રા પૂરી કરીને જ ફરીશું ?

□

૨૦૦૩ની સાઈકલયાત્રામાં બધાં શું ગાતાં હતાં ? 'સાયકલ મારી સરરર...જાય ૐ મા ૐ કરતી જાય.'

□

આ યાત્રામાં બધી જ દીકરીઓ નાની છે. સતત સ્ફૂર્તિ-શક્તિથી ઉભરાય છે. એકલી જ આગને હથેળીમાં ઝીલી શકે તેવી છે. અમે તો આ યાત્રાનું માત્ર સૂચન જ કર્યું છે. આયોજન માનું નથી.

□

તમે બધી દીકરીઓ એકલી ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં મંગલ માર્ગ કાઢી શકો છો તેવી માને શ્રદ્ધા છે.

□

મા હવે આ યાત્રા દરમ્યાન થોડા વિશેષ નિયમ લઈને મથશે.

□

સર્વ દિશાથી શુભેચ્છા પામીને તમે સૌ સંપત્તિવાન થઈ ગયાં !

□

હું આ કામ કરી શકીશ જ એવા દૃઢ નિર્ધાર સાથે જ આપણે

યાત્રાની શરૂઆત કરવાની છે. પેલી અપંગ બેન અરુણિમા સિન્હા એવરેસ્ટ ચઢી આવી.

□

સરોડાની ધરતીના એ ઘરમાં એ ધરતીને પ્રણામ કરીને જ નીકળશો ને ? એટલે એ જ ધરતીમા તમારી રક્ષા કરશે.

□

સિંહણો એકલી જ વનમાં ઝઝૂમશે. તો હવે કરો પ્રસ્થાન ! પ્રભુનું નામ સરસ રીતે લેવાશે. આપણી શક્તિનું માપ નીકળશે. હિંમત ને શ્રદ્ધા એકમેકને જોતાં-જોતાં વધશે.

□

તમારી સાથે ઘણા બોડીગાર્ડ છે. ચાર ગાડી ને બે બાઈક છે. હે સિંહણો ! જરા પણ ચિંતા ન કરતાં. તમારે તો ખાલી સાઈકલ ઉપર બેસવાનું જ છે. પ્રભુ જ સંભાળશે. એટલે જ તો સરોડા પસંદ કર્યું છે.

□

નારાયણ જાની સોની આસપાસ સ્વસ્થતાથી જીવી ગયા. તેમની પાસે પણ પ્રેરણાનો ઘણો મોટો ખજાનો છે. એટલે બંને સ્થળ આપણા માટે પ્રેરક પગદંડી છે.

□

બધી દીકરીઓ ખૂબ ભણી છે. તમે બધાં પાંચ વર્ષ સ્વર્ગારોહણને દત્તક લઈને કારભાર ચલાવો.

□

સરસ ભણો છો. સરસ કામ કરો છો ને સરસ શ્રદ્ધા સાથે સ્વર્ગારોહણ આવો છો. અત્યારસુધી બધું જ સરસ, સરસ છે. એવું જ સરસ જીવન જીવવાનું છે, ખાનગીમાં કે જાહેરમાં ! 'સ્વર્ગારોહણ'ને દીપાવે તેવું જ કામ કરવાનું છે. તમારો આખો



યુવાવર્ગ જ 'સ્વર્ગારોહણ'નો પ્રાણવાયુ બનીને 'સ્વર્ગારોહણ'ને જીવાડશે.

□

અમે તો હવે પાનખરના પાદરે છીએ. તમે જ બધા હવે આ તીર્થને ઝળહળતું રાખવાના છો.

□

અમે પંચોતેર વર્ષે વિચારતાં હતાં કે, દશરથયાત્રાને ઘણાં વર્ષો થઈ ગયાં. ચાલો પાછા દશરથયાત્રા કરીએ. અમને આ ઉંમરે એવા સાહસના વિચારો આવે છે તો તમે બધાં તો ખૂબ નાનાં છો. એટલે હવે સીધા સત્યપથથી સરોડા પહોંચજો.

□

પ્રભુની કેવડી મોટી કૃપા છે ! સાઈકલયાત્રા તમે કરી રહ્યાં છો અને તમને છત્ર ધરવા એક નહીં પણ અનેક સજ્જ થયાં છે.

□

તમને એક સરસ ભેટ મળી રહી છે. શ્રી નારાયણકાકા અને સરસ્વતીદેવી તરફથી સાઈકલયાત્રા માટે સાઈકલ જ પ્રસાદમાં મળી રહી છે ! કેવડી મોટી પ્રસાદી ! હમણાં જ ચેક શ્રી રાજુભાઈ જાની તરફથી મળી ગયો છે. આવા સુપુત્રો પરિવારનું ગૌરવ ગણાય. એટલે વડીલોના આશીર્વાદ સાથે છે.

□

શ્રી રાજશ્રીબહેન અને જયશ્રીબહેન પડખે છે. દે' ગામમાં ભોજનનો પહેલો ખર્ચ તેમના તરફથી છે. એટલે યાત્રા તમે કરો છો ને તમારી પાછળ અનેક શુભેચ્છકો ઊભા છે.

□

યાત્રા જેટલા હોંશથી શરૂ કરો છો તેટલા જ હોંશથી પૂરી પણ કરજો.

પૂજ્યશ્રી 'મા'ના સ્વદેશાગમન-અવસરે આયોજિત

# ।। ભારતની યુવતીઓની સાઈકલયાત્રા ।।

## ।। આદ્યા ।।

'સરોડા' અને 'બ્રહ્મપુરી' બે તીર્થને જોડતી આ ત્રણ દિવસની સાઈકલયાત્રા જોતજોતામાં જ પૂર્ણ થઈ ગઈ. પરંતુ આ ત્રણ દિવસ ઘણું ઘણું સમજાવી ગયા.

૧-૧૧-૧૮ની સવારે ૧૦.૩૦ વાગ્યે સરોડાથી ચાલુ થયેલી યાત્રા ૩-૧૧-૧૮ના બપોરે ૧૨ વાગ્યે ૧૬૨ કિ.મીનું અંતર કાપીને પ્રભુના પરમ સખા શ્રી નારાયણકાકાના જન્મતીર્થે સફળતાપૂર્વક પૂરી થઈ.

આ યાત્રા દ્વારા 'મા' શું શીખવવા માગે છે એની વાત 'મા' એ એક સ્વપ્નમાં કરી. સ્વપ્નમાં 'મા' બધી બહેનોને પૂછે છે કે યાત્રા શા માટે હોય છે ? એના ઉત્તરમાં ઘણી બહેનો બોલે છે કે, પોતાની 'શક્તિને જાણવા.' તો કોઈ બહેન કહે છે : 'સ્વાસ્થ્યને સુધારવા.' 'મા' સમજાવે છે કે, યાત્રા પ્રભુની વધુ નજીક જવા અને શીખવા માટે છે.

૧૬૨ કિ.મી. કાપવા અલબત્ત સહેલા તો નહતા જ. પરંતુ સિંહણ બનીને કેમ પાર કરવા એ શીખ્યા. રસ્તામાં આવતા હરેક ઢાળ-ઢોળાવ, ખાડા અને ટ્રાફિકને વીંધતા આગળ વધ્યા.

સાઈકલયાત્રા કરતાં એક વિચાર એ પણ આવ્યો કે, જીવનમાં એક એવો સમય પણ આવશે કે આગળ ને પાછળ કોઈ જ ન હોય, પરંતુ એ સમયે પ્રભુનું નામ લઈને તમારી દૃઢ ગતિથી આગળ વધતા રહેશો તો કોઈક ઢોલ-નગારાં લઈને



તમારું સ્વાગત કરવા ઊભું હશે.

સૌથી મહત્ત્વની વાત એ કે, સાંજ પડ્યે સતત સાઈકલ ચલાવીને સહજ ખૂબ થાકી જવાય. પણ એ સમયે થાક પ્રભુને સોંપી દેશો તો તે ભેગો નહીં થાય અને તમે આગળ વધી શકશો; ને બીજે દિવસે નવી સ્ફૂર્તિથી શરૂઆત કરી શકશો.

હે મા ! તમારો ખૂબ ખૂબ આભાર કે યાત્રા કરવાનો અને યાત્રા દ્વારા શું શીખી શકાય એ સમજવાની ક્ષમતા પણ આપી.

જીવનયાત્રામાં પણ અમને સિંહણ બાળ બનાવી, સાહસની નવી તકો આપી, સફળતાપૂર્વક પાર કરાવશો.

'મા'ની સિંહણબાળ

આદ્યા

## ।। ભાવિક ।।

પ્રણામ મા,

પૂ.શ્રીમા અને પ્રભુનો આભાર કે તેઓએ આટલી સરસ સાહસિક સાઈકલયાત્રા કરાવી.

સાઈકલયાત્રામાં થયેલા મારા અનુભવોની હું નોંધ લઉં છું. આ યાત્રામાં ઘણું બધું શીખવા મળ્યું છે. જીવનની યાત્રાનો સાર આ સાઈકલ યાત્રા શીખવી ગઈ છે. કેવી રીતે જીવનમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કરવો, જીવનમાં આવતા ઉતાર-ચઢાવ એ સાઈકલયાત્રા દરમ્યાન રસ્તાઓના ઢાળ શીખવી જાય છે. પેડલ મારતાં મારતાં મા-પ્રભુનું સતત સ્મરણ સાયકલને આગળ વધારવા મદદરૂપ થાય છે. જ્યારે પણ સાયકલ ચલાવતાં ચલાવતાં થાક લાગ્યો હોય ત્યારે પ્રભુ અને

માના મંત્રજાપની શક્તિ થાક ઉતારી દે છે.

સાયકલયાત્રા દરમ્યાન આવેલી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવા માટેની હિંમત આપી અને મુશ્કેલી પારપાડી યાત્રા સફળ બનાવી. મા પ્રભુ સાથે હોવાનો અનુભવ સતત રહેતો. સાઈકલ તો મા-પ્રભુની સતત યાદ, મંત્રજાપની શક્તિથી જ સાયકલ ચાલતી જાણે એવો અનુભવ થતો કે પ્રભુ જ સાયકલના પેડલ મારી રહ્યા છે. આકસ્મિક સંજોગોમાં પ્રભુ સતત સાથે રહી અમારું રક્ષણ કરતા. સરોડાની પાવનભૂમિથી લઈને બ્રહ્મપુરીની સાહસયાત્રા મા-પ્રભુની કૃપા, આશીર્વાદ થી જ શક્ય બની છે મા. હે મા, અમારા સેવક બનીને આવેલા સત્સંગી ભક્તો દ્વારા અને મા પ્રભુ આપની દિવ્યશક્તિથી યાત્રા પૂર્ણ થઈ. 'મા' અમને આવી સાહસયાત્રા કરાવતા રહેજો કે જેથી જીવન કેવી રીતે જીવવું એ શીખી શકાય.

Thank you, Thank you, Thank you Maa.

## ॥ દીક્ષા ॥

Cycle yatra or I say 'sahas yatra' is an another biggest sucessful achievement of my life. it is completely unbelivable to complete 162 km on cycle from 'Saroda' to 'Brahmapuri' without any pain in legs. In this three days Maa was always with me and providing energy in me.

This yatra taught us new experience related to unify, how to manage obstacles in our life, how we are capable to help each other and also



how to support and encouage our patners.

I specially feel that 'Maa prabhu' is always with me when I was doing Jap. Without that I was unable to complete this yatra.

Sometimes in a life we were moved on wrong direction and completely forget our life's, goal. At that time 'Maa prabhu' is there to guide us and show us right direction to move and protect us from world. I have experienced the same feeling in my cycle yatra. On the first day at the circle we look worong direction and moved ahead after that we relized that this is a wrong way then we take U turn and moved towards right direction.

I pray 'Maa prabhu' to stay with me and guide me the right path. On the second day when we started our yatra in early morning that time we are exploring the beauty of nature If keeps our mind peaceful and fill with lots of happiness.

Thank you so much 'Maa'. For giving me golden chance to take part in this yatra. Pranam 'Maa'.

Maa's cub
Dixa

## ॥ ધ્રુવી ॥

સાઈકલયાત્રા કહો કે સાહસયાત્રા કે શ્રદ્ધાયાત્રા, હું તો ફક્ત માની બાળ એક નિમિત્તમાત્ર જ હતી.

એવું કહેવાય છે કે "where science ends, spirituality begives."

આ ત્રણ દિવસની સાઈકલયાત્રામાં પૂ.શ્રી મા સતત પડખે રહીને, શારીરિક ક્ષમતાઓને પાછળ પાડીને, વળગણો છોડાવીને, ભૂખ ભગાડીને જાણે સતત જગાડી રહ્યા હોય, રક્ષી રહ્યા હોય, હરિના માર્ગે દોરી રહ્યા હોય. એવું લાગતું હતું.

પૂ.શ્રીમા પોતાની સિંહણોને શ્રદ્ધા, હિંમતના માર્ગ પર એક-એક શિખર પાર કરાવી રહ્યા હોય એવું લાગતું હતું. પહેલાં પદયાત્રા, પછી દશરથાચલ યાત્રા અને હવે સાઇકલયાત્રાથી સાહસની પગદંડી પર સતત પડખે ઊભા રહીને આગળ વધારી રહ્યા હોય એવું લાગતું હતું.

સાઈકલયાત્રા દરમિયાન પૂ.શ્રીમાના આનંદિત મુખારવિંદના મનોમન દર્શન શક્તિનો સ્રોત બની સાઈકલયાત્રાના ૧૬૨ કી.મી. પૂરેપૂરી સ્વસ્થતા કોઈ પણ વિઘ્ન વિના યાત્રા પાર કરાવી એની માટે પૂ.શ્રીમાના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ !

"ધરે શક્તિ અખંડ અમાપ, ગુરુકૃપાનો જય જયકાર."

પૂ.માની સિંહણ બાળ,

ધ્રુવી



## ॥ ગાર્ગી ॥

"Cycle yatra" a life learning experience for me. Experience of divine presence of 'Maa-Prabhu' in every sitution during our yatra.

Our yatra started on 1st Nov. 2018 from sarodadham till Brahmpuri, it continued till 3rd Nov. 2018. For me this yatra was full of mixed emotions, 1st day of our yatra, as we visited satyapath after really long time and then sarodadham where I visited for 1st time, Imaginary and real Sarodadham had a big difference. It is an ordinary village from where prabhu belonged. Villagers were loving and caring for us. We started our cycle yatra from Sarodadham. I now feel that maa must have arranged this yatra only to prepare her lioness to face every good and bad times in life with bravery.

Every way, every direction, every pedal of cycle was a learning lesson for me. It clearly showed how Universe works, how society is and how we should live in every sitution in life. people praise or discourage, we only have to

get attracted towards positive in life.

'Maa' taught us to belive in ourselves and magical result of faith and prayers to god.

Personally physically I don't think I was fit enough to even attempt this yatra. It was just that faith in Maa that Maa will do it, I don't know how but she will make me do it, and we really did it, actually Maa-Prabhu did it.

I love you Maa-Prabhu ! Pranam !

॥ ગોપી ॥

જ્યારથી મમ્મીની સાઈકલયાત્રા થઈ ત્યારથી જ મનમાં પ્રાર્થના કરતી હતી કે મને ક્યારે યાત્રાની એવી સોનેરી તક મળશે અને એ ધન્ય ઘડી આવી. પૂ.શ્રીમાએ મને પસંદ કરી એ બદલ હું આભારી છું.

મા જ્યારે ઘરે પ્રેક્ટિસ કરતા ત્યારે થોડી સાઈકલ ચલાવવામાં જ થાક લાગી જતો ત્યારે ડર લાગતો કે આટલી મોટી યાત્રા હુ કેવી રીતે પૂરી કરી શકીશ ? પણ જ્યારે સાઈકલયાત્રા દરમિયાન ચઢાણ. ઉતરાણની મુશ્કેલીઓ તો આવી જ પણ પછી સમજાયું કે આ બધું મા વગર શક્ય જ ન હતું. મા મારા માટે મુશ્કેલ હતું. યાત્રાની શરૂઆતમાં જ થોડા ચક્કર અને ગભરામણ જેવું અનુભવ્યું. પછી મા એ જ રક્ષા કરી અને શક્તિ આપી. બાકી મારી કોઈ તાકાત ન'તી કે હું સાઈકલયાત્રા પૂર્ણ કરી શકું. સાઈકલ ચલાવતી વખતે પણ દરેક પેડલમાં ફક્ત માને મા જ હતાં. એજ રીતે જીવનમાં પણ જે



વળાંક કે ઢાળ આવે એમાંથી પસાર થઈ વળાંક કે ઢાળ આવે એમાંથી પસાર થઈ આગળ વધવાની શક્તિ મા તમે જ આપજો.

આ યાત્રામાંથી અમને શીખવા મળ્યું કે કોઈપણ મુશ્કેલી આવે તો આપણે યાદ રાખવાનું છે કે મા-પ્રભુ આપણી જોડે જ છે. અને કર્યા અને ડગ્યા વિના એમાંથી બહાર આવવાનું છે અને મા પ્રભુમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ હશે તો કોઈપણ પરિસ્થિતિમાંથી બહાર આવી શકીશું એવો દૃઢ વિશ્વાસ આવી ગયો.

યાત્રામાં માની સતત હાજરી અનુભવવા મળી. જ્યાં જ્યાં પણ એવું લાગે કે બસ હવે નહીં થાય. ત્યારે મા આગળ આવીને ઊભા રહેતાં અને શક્તિ ધરતાં હોય એ અનુભવવા મળ્યું. રસ્તામાં ઘણી વખત સાઈકલ સાથ છોડી દેતી ત્યારે એવું થતું કે મારી સાઈકલમાં જ કેમ આવું થાય છે ? મારી યાત્રા પૂરી થશે કે કેમ ? એવો ડર લાગતો પણ પછી મા પ્રભુના સ્મરણથી જે હિંમત મળતી અને એનાથી ‘‘સાઈકલ મારી સરરર જાય ૐમા ૐમા બોલતી જાય.’’

યાત્રામાં દરેકના જીવનમાં કાંઈક ને કાંઈક શીખવા મળ્યું છે અને તે જીવનમાં ઉતારી શકીએ એવી મા આપ જ કૃપા કરજો અને મા આપ જ આશીર્વાદ આપજો. હરહંમેશ એવી પ્રાર્થના કરું છું કે હું માને ના ભૂલું અને મા મને ના ભૂલે એવી મા આપ જ કૃપા કરજો. દરેક કાર્યમાં મા પ્રભુ સતત અમારી જોડે રહે એવી અંતરથી પ્રાર્થના કરું છું.

મા ભલે આપણી જોડે પ્રત્યક્ષરૂપે ના રહી શકે પણ પરોક્ષ રીતે તો મા હંમેશાં સાથે ને પાસે, જ હોય છે. અને એની અનુભૂતિ યાત્રામાં દરેક વ્યક્તિએ કરી છે.

યાત્રાની પૂર્ણાહુતિ બાદ બ્રહ્મપુરીમાં જે સ્વાગત કર્યું તે પણ અદ્‌ભુત હતું. ઢોલ નગારાના નાદ સાથે અમારું સ્વાગત કરવામાં આવ્યું તો એવું લાગે કે જાણે અમે બહુ મોટું કામ પાર પાડ્યું હોય! બ્રહ્મપુરી તો અમારી યાત્રા પૂર્ણ થવાનું માત્ર નિમિત્ત સ્થાન હતું પણ અમારી ખરી યાત્રાની પૂર્ણાહુતિ તો સ્વર્ગારોહણ આવીને જ થઈ.

માએ આશીર્વાદસ્વરૂપે દરેકના મુખ પર ગંગાજળનો છંટકાવ કર્યો જેનાથી અમને કોઈની નજર ના લાગે અને પછી દરેકના પગ પર ગંગાજળનો છંટકાવ કર્યો કે અમારા પગ જ્યાં ને ત્યાં ભટકવા ના જાય. જેથી અમે સર્વ રીતે રક્ષાયેલા રહીએ. દરેક વ્યક્તિના જીવનમાં દરેક કાર્ય મન અને મસ્તિષ્ક પર આધારિત હોય છે તો માએ અમારા બધાના મન અને મસ્તિષ્ક રક્ષાયેલાં રહે એ માટેના સૌથી મોટા આશીર્વાદ આપ્યા-ચુંદડીસ્વરૂપે !

આ યાત્રા પછી જીવનને એક અલગ જ દિશા મળી. જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો. માએ પોતાનો અમૂલ્ય સમય અમારા માટે ફાળવ્યો અને પગલે ને પગલે સાથ ધર્યો છે એના માટે પણ ખૂબ ખૂબ આભાર...મા..!

મા, અમારા જીવનમાં જ્યારે જ્યારે તકલીફ આવે, જીવનમાં ચઢાવ-ઉતાર આવે ત્યારે અમને આ સાઇકલયાત્રા જરૂર યાદ આવશે. માએ પૂરું પાડેલું બળ યાદ પણ આવશે અમારા દુઃખોનો સામનો કરવામાં મા અમને જરૂર સજ્જ કરશો એવો વિશ્વાસ છે. મા અમે સ્વર્ગારોહણનું નામ રોશન કરી શકીએ એવી શક્તિ અને સમજ ધરજો એવી માને પ્રાર્થના.



**"પરમ શક્તિનો જય જય કાર હો."....**
**"ગુરુકૃપાનો જય જય કાર હો.".....**

॥ હની ॥

જેમ મહાપુરુષો દિવ્ય શક્તિથી ભક્તો જોડે પોતાના કામ કરાવે છે, તે જ રીતે અમારા મા જગદંબા ધારે તેવા કાર્યો માત્ર સંકલ્પ દ્વારા જ કરાવી લે છે. તે અમને સાઈકલયાત્રામાં અનુભવવા મળ્યું.

"ધારેલું એ સહજ કરાવે....."

સરોડાથી બ્રહ્મપુરીની સાઈકલયાત્રા કરાવી એ માત્ર અમારી કલ્પના જ હતી, ને પૂ.માએ તેને માત્ર સંકલ્પ દ્વારા પાર કરાવી.

"કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના....."

સાહસયાત્રા માત્ર સાહસની યાત્રા જ ન હતી, તે જીવનની કિંમતી ક્ષણો હતી. યાત્રા દરમિયાન મા-પ્રભુના સ્મરણથી શ્રદ્ધા દ્રઢ બની કે,

"પોકારો તો પાસે જ છે."

સાઈકલયાત્રામાં જ્યારે જ્યારે થાકી જઈએ ત્યારે એવું લાગતું કે મા-પ્રભુ બીજાની રક્ષા કરવા ગયા છે અને મારે હિંમત કરીને આગળ વધવાનું છે.

આજની મારી પ્રાર્થના છે કે, જેવી રીતે મા-પ્રભુ મને તમે તારની વાડની પકડીને બચાવી લીધી, તેવી જ રીતે જીવનના સંઘર્ષમાંથી બહાર કાઢજો. જીવનમાં કાંટાની વાડ આવે તો એમાં પણ તમે કાંટાને પુષ્પમાં પરિવર્તિત કરીને મારી સહાય કરજો.

સાઈકલયાત્રા માત્ર એક-બે લોકોની યાત્રા નથી, એ તો એક-બીજાને સાથે કદમ મીલાવીને ચાલવાની યાત્રા છે.

પૂ.માને આવી જ પ્રાર્થના છે કે તમારા ચરણોમાં કાયમ રક્ષાયેલા રાખજો.

પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

॥ જાનકી ॥

આભાર મા, કે તમે અમને આટલી સારી અને સફળ યાત્રા કરાવી. 'મા' ! આ અમારા જીવનનો સૌથી અદ્‌ભુત અને અવર્ણનીય અનુભવ હતો. 'મા'એ જ્યારે અમને સ્વર્ગારોહણથી સાઈકલયાત્રા માટે વિદાય આપી ત્યારથી જ અમારી સાઈકલયાત્રા સફળ થઈ ગઈ જ્યારે માએ અમને અભયવચન આપ્યું કે તમારે તો માત્ર સાઈકલ પર બેસવાનું જ છે. ત્યારથી 'મા' અમે નિશ્ચિંત થઈ ગયા. ને અમારા સાઈકલયાત્રાના સારથી તો મા પ્રભુ છે તો અમારી યાત્રા સફળ થશે ને પૂર્ણ થશે એવો વિશ્વાસ હતો. ને ત્યારે સતત એક પદ યાદ આવતું

**'છે સારથીપદ સોંપ્યું તમને**
**પછી ચિંતા થાય જરાય નહીં...'**

મા આ યાત્રામાં અમને અમારો પરિચય થયો, સ્વયંનો પરિચય થયો. અમે અમારી સાથે સમય વિતાવ્યો. આ ટૅકનોલોજીના યુગમાં અમારા પોતાના રોજબરોજના જીવનમાં અમને મા-પ્રભુનું સતત સ્મરણ કરવાનો સમય મળતો ન હતો.



તો આ યાત્રા થકી અમે માનું સતત સ્મરણ કરી શક્યા. વધુ ને વધુ મા પ્રભુની નિકટ થયા. કદાચ સાઈકલ ચલાવતાં કોઈક વાર મા-પ્રભુનું સ્મરણ કરવાનું ભુલી જઈએ તો અમારા સહયોગીઓ અમને 'જય કૃપાળુ મા' કરીને યાદ કરાવતા ને સતત સ્મરણ કરાવતા. માના પ્રત્યક્ષ સ્વરૂપન-શક્તિનો તો પરિચય હતો પણ આ યાત્રામાં અમને માની પરોક્ષ શક્તિનો પણ અનુભવ થયો.

આ યાત્રામાં અમને ઘણું શીખવાનું મળ્યું. પણ એ બધું અમે અમારા જીવનમાં ઉતારી શકીએ એ મહત્ત્વનું છે. આ યાત્રામાંથી શીખવા મળ્યું કે કોઈપણ મુશ્કેલી આવે તો મા-પ્રભુ આપણી સાથે ને પાસે જ છે. અને આપણે ડર્યા ને ડગ્યા વિના આ મુશ્કેલીમાંથી બહાર આવવાનું છે. આ યાત્રામાં 'મા'ની સતત હાજરીનો અનુભવ થતો હતો. જ્યારે પણ એવું લાગે કે બસ સાઈકલ હવે નહીં ચલાવાય ત્યારે અચાનક આંતરિક શક્તિ જાગૃત થતી હોય તેમ લાગતું ને પાછા સરળ રીતે સાઈકલ અમે ચલાવી શકતા. સાઈકલ ચલાવતાં ચલાવતાં મા-પ્રભુનું સ્મરણ કરવાથી અમારી હિંમત અને શક્તિમાં વધારો થતો.

મા 'સત્યપથ' અને 'બ્રહ્મપુરી'માં અમારું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પણ એ સ્વાગત અમારું નથી. આ સ્વાગત એમણે માની સિંહણોનું કર્યું. અમારામાં રહેલા માનું સ્વાગત કર્યું. આ સિંહણો મા વગર અધૂરી છે. એટલે જો આપણે માના શરણમાં હોઈએ તો જગમંચે પણ આપણું સ્વાગત થાય છે અને આપણું માન-સન્માન હોય છે.

આ સાઈકલયાત્રામાં અમે તો નિમિત્ત માત્ર હતા. અમે તો

ખાલી સાઈકલ પર બેઠા હતા. પણ ખરેખર મા-પ્રભુની મદદથી અને કૃપાથી અને શક્તિથી જ અમારી સાઈકલ ચાલતી હતી. ભક્ત સેવકોની મદદથી-સેવાથી અમે આ યાત્રા સારી રીતે પૂર્ણ કરી શક્યા.

મા આપ જ્યારે વિદેશથી આવ્યાં ત્યારે આપની ડાયરીના વાંચનમાં આપે એવું લખ્યું હતું કે તમે ક્યાં સુધી આંગળી પકડીને ચાલશો ? તમે હવે સ્વતંત્ર રીતે ચાલો. મા તમારી સાથે ને પાસે જ છે. તો મા આ યાત્રામાં અમને સૌને આ અનુભવાતું હતું કે આપ અમારી સાથે ને પાસે જ છો. આ સાઈકલયાત્રામાં અમને ૩નો પણ અનુભવ થયો : Discipline, dedication & devotion.

'મા' એ અમારા મુખ પર ગંગાજળનો છંટકાવ કર્યો કે અમારી નજર ઉતારી, અમારા પગમાં છંટકાવ કર્યો કે જેથી અમારા પગ આમ-તેમ ભટક્યા ના કરે, અમને માથા પર ઓઢણી પણ બંધાવી છે જે આશીર્વાદ આપે છે કે અમારા મન અને મસ્તિષ્ક હંમેશાં રક્ષાયેલા રહે. તો હે મા, એવી કૃપા કરજો કે હું હંમેશા રક્ષાયેલી રહું અને મારા પગ આમ-તેમ ભટકે નહીં અને આપની મારા પ્રત્યે જે પણ અપેક્ષા છે તે અપેક્ષા પર ખરી ઉતરું એવા આશીર્વાદ આપજો.

હવે અમારાં જીવનમાં જ્યારે પણ મુશ્કેલી આવે કે ચઢાવ કે ઉતાર આવે તો અમે આ સાઈકલયાત્રાના અનુભવ પરથી મુશ્કેલીમાંથી બહાર આવવાનો પ્રયાસ કરીશું. આ સાઈકલયાત્રા પરથી જીવન પ્રત્યેનું ધ્યેય બદલાઈ ગયું. મા-પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમમાં પણ વધારો થયો. મા અમે સ્વર્ગારોહણને જગમંચે પ્રગટાવીએ એવી સમજ અને શક્તિ ધરજો.



## ॥ કૃપા ॥

વનના રાજાધિરાજ-અધિપતિ પૂ.શ્રી મા—પ્રભુ અને આ વનમાં અલૌકિક મુક્ત વિહાર કરતાં માનવરૂપી સિંહણના આપનાં ચરણોમાં લક્ષ કોટિ પ્રણામ.

'સાહસયાત્રા' જેમાં યાત્રાનો માર્ગ સરોડાતીર્થથી બ્રહ્મપુરી સુધીનો હતો. સરોડા એટલે સમર્થનું જન્મસ્થળ અને બ્રહ્મપુરી એટલે સમર્થના સથવારે પોતાનું જીવન તારનાર એવા શ્રી નારાયણભાઈ જાની જેવા પરમ મિત્રનું જન્મસ્થાન. યાત્રા માટેના તીર્થસ્થાનો જ ઉત્તમ તો યાત્રા પણ ઉત્તમ જ. સાઈકલ રથના સારથી તરીકે 'મા-પ્રભુ' અને તે રથમાં વિહાર કરનાર 'સિંહણ' એટલે શક્તિ તો ભરપૂર રહેવાની જ. અને તે શક્તિના સ્રોત પણ સાથે એટલે શક્તિનો નાશ થાય તેવો અવકાશ જ ન હતો.

આ યાત્રા માત્ર સાહસયાત્રા કરતાં વિશેષ યાત્રા તરીકે ઉજવાઈ છે જેમ કે, આનંદ યાત્રા, મુક્ત વિહારયાત્રા શ્રદ્ધાની કસોટીની યાત્રા, પ્રકૃતિને માણવાની યાત્રા, સ્વ ને જાણવાની યાત્રા, શરીર શુદ્ધિની યાત્રા. આ યાત્રામાંથી અનેક પાઠો શીખવા મળ્યા. જેમકે, યાત્રા દરમિયાન અમારી સાઈકલ સીધા અને વાક્ાચૂંકા માર્ગો પરથી પસાર થતી હતી ત્યારે એક જ વિચાર પ્રભુ ધરતા હતા કે જીવનમાં આવતી અડચણોને પ્રભુ સ્મરણથી દૂર કરીને જીવનયાત્રાના દરેક ક્ષેત્રે ઝળહળવાનું છે.

યાત્રા વખતે આ શરીરમાં જ્યારે જ્યારે પણ ખોરાકરૂપી ઈંધણની જરૂર પડતી હતી ત્યારે ત્યારે સમયાંતરે તે પ્રાપ્ત થતું હતું. તેવી જ રીતે જીવનને સારી રીતે જીવવા માટે પણ

પ્રાર્થના, પ્રભુસ્મરણ, શ્રદ્ધારૂપી ઈંધણની જરૂર રહે છે. તેથી મનુષ્ય અવતાર તરી જાય તેવી સમજણ પ્રાપ્ત થઈ.

આ યાત્રામાં મા-પ્રભુ સ્થૂળરૂપે નહીં પરંતુ સૂક્ષ્મરૂપે સાથે જ છો તેવો એહસાસ ક્ષણે ક્ષણે આપ જ કરાવતા હતા. સાહસયાત્રા વિશેષયાત્રા બની કારણ કે તેમાં પ્રભુના સ્મરણનું મિશ્રણ થયું. તેવી જ રીતે જીવનના દરેક કાર્યોમાં મન પ્રભુ સ્મરણમાં જોડી દેતાં તે કાર્ય સરળતાથી પાર થઈ શકે છે.

સાઈકલયાત્રા જ શું કામ ? કારણ કે તેના અલગ અલગ ભાગો દ્વારા જીવનમાં માર્ગો પણ સારી રીતે સર કરી શકાય. જેમ કે, બ્રેક એ કોઈ ખોટા રસ્તે જતા હોઈએ તો રોકવા, ઘંટડી સતત પ્રભુ સ્મરણ માટે જગાડતા રાખવા, પેડલ જે જીવનના રસ્તા કાપવા માટે સંઘર્ષ, મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરવા.

"છે સારથીપદ સોંપ્યું તમને, પછી ચિંતા થાય જરાય નહીં."

આ પદના વિશેષ સ્મરણ દ્વારા આ યાત્રાનાં વિકટ ચઢાણો સહેલાઈથી ચઢી શકાયા અને દરેક યાત્રીઓ સારથીપદ આપને સોંપીને નિશ્ચિંત બની ગયા.

હે મા ! આપને અગણિત Thank you. સતત રક્ષા કરવા, આપનામાં દૃઢ બનાવવા, ખોટા માર્ગે જતા વાળવા, સારા મિત્રો આપવા. અપરાધોને ક્ષમા કરજો અને આપનામાં જ શ્રદ્ધા ભક્તિ રહે વિષયોમાં મન ભટક્યા ન કરે તેવી રીતે મનને પ્રભુ સ્મરણમાં રાખીને મનની રક્ષા કરજો. મા-પ્રભુના ચરણોમાં પ્રાર્થના.



॥ સુકૃતિ ॥

સિંહણોની સાહસયાત્રા-સાઈકલયાત્રા એ જાણે શુદ્ધિની યાત્રા શ્રદ્ધાની કસોટીની યાત્રા, વિચારોમાં પરિવર્તનની યાત્રા અને એ પરમશક્તિની પરમચેતનાનો અહેસાસ કરાવતી પવિત્ર યાત્રા.

વિચાર અને વ્યવહારમાં શુદ્ધિ તો જ આવે જો આત્મા કે મનની શુદ્ધિ થાય. પૂ.મા સતત આવી યાત્રાઓ કરાવી આચાર-વિચારમાં વધુ ને વધુ વિકાસ કરવા પ્રેરણા ધરતા રહે છે.

Positive thinking, સાહસને practically રજૂ કરતી આ યાત્રા અમારા સૌ માટે જીવનઘડતરની એક આદર્શ યાદગીરી બની ગઈ.

પૂજ્ય પ્રભુ અને શ્રી નારાયણની મિત્રતાનું દર્શન કરાવતી આ યાત્રા સૂચવી ગઈ કે જીવનમાં મિત્રો એવા જ બનાવો જે આપણને સત્ય અને આધ્યાત્મિક ઉન્નતિના માર્ગ તરફ દોરી જાય.

સૌની સાથે સમૂહમાં કરેલી આ યાત્રા જાત સાથે જીવવાની એક સુંદર તાલીમ ધરતી ગઈ. જીવનના માર્ગો પણ આવા કઠીન હોવાના ત્યારે આવી જ શ્રદ્ધા ભક્તિથી મા-પ્રભુને સ્મરી બધા જ પ્રશ્નોની ગૂંચોને ઉકેલવાની એક ચાવી મળી.

એ પરમચૈતન્ય સ્વરૂપ મા સતત સાથે હોવાનો એક નવો વિશ્વાસ જન્મ્યો. Thank you MAA.

॥ કૃતિ ॥

હે સાહસયાત્રાના સર્જનહાર ! સાઈકલયાત્રાના "સારથી", પરમકૃપાની શક્તિ દેનાર "શક્તિદાત્રી", પ્રેમવર્ષાથી ભીંજવતા "પ્રેમમયી", સર્વોને ક્ષમા કરનાર "ક્ષેમમયી", કરુણામયી,

જગતજનની પૂ.માના પાવન શ્રીચરણકમળમાં આ બાળના કોટિ કોટિ પ્રણામ.

''સાઈકલયાત્રા-સાહસયાત્રા''-સરોડાના સ્વર્ગથી યાત્રા શરૂ થઈને બ્રહ્મપૂરીના બ્રહ્મલોકે યાત્રાએ વિશ્રામ લઈ ફરી પાછી સ્વર્ગની સીડી ચડીને સ્વર્ગારોહણે જ યાત્રા પૂર્ણ થઈ. આ યાત્રામાં પૂ.શ્રી'મા' અને પ્રભુ અમારા સારથી બનીને જીવનરથને હંકારીને તળેટીથી શિખર સર કરાવીને યાત્રાને પ્રફુલ્લ મને પૂર્ણ કરાવી છે. ખરેખર તો આ સાઈકલયાત્રા એ બધા જ બાળકોની સ્મરણયાત્રા, શુદ્ધતાની યાત્રા, જીવનની કસોટીની યાત્રા જ છે. અમારા માર્ગમાં જ્યાં જ્યાં જેવી જેવી જરૂર પડી છે, મુશ્કેલીઓ આવી છે ત્યાં ત્યાં આપ સૂક્ષ્મરૂપે સ્થૂલ દેહમાં પ્રવેશીને મદદ કરતા રહ્યાં છો.

સર્વેશ્વરીવનની સિંહણની આ સાહસયાત્રાએ યાત્રા દરમિયાન જીવનના અમૂલ્ય પાઠ શીખવ્યા છે. જેવી રીતે સાઈકલને પેડલ મારીને આગળ ધપાવી શકાય છે તે જ રીતે આ સાઈકલરૂપી જીવનનૈયાને પ્રણામ, પ્રાર્થના, પ્રદક્ષિણા, જપ બાવનીના માર્ગથી આધ્યાત્મિક દિશામાં આગળ ધપાવી શકાય છે. જેમ સાઈકલની ઘંટડી આપણને એલર્ટ કરે છે તે જ રીતે જીવનયાત્રામાં આવી રહેલા દુષ્કર્મો, દુર્વિચાર અને નબળાઈઓથી એલર્ટ રહેવાનું સૂચવે છે. સાઈકલ ચલાવવા માટે તેના વ્હીલમાં હવાની જરૂર પડે છે અને જો ના પુરાવીએ તો ચલાવવામાં તકલીફ થાય અથવા ના પણ ચલાવી શકીએ. તેથી પૂ.શ્રી'મા' તથા પ્રભુ એવા વિચારો પ્રેરે છે કે જો



અધ્યાત્મરૂપી જ્ઞાનથી જીવનનૌકાને સમંદરને પેલે પાર કરવી હોય તો ''સાધના'' નામની હવા અપનાવીને જીવનયાત્રા સફળ કરી શકાય. કદાચ રસ્તે એકમેકને અડચણ આવે તો તરત જ મદદ માટે ઊભા રહી જાય. અહીં કોઈને લોહીના સંબંધ ના હતા છતાં સૌ લાગણીના સંબંધો વડે જોડાઈને એકબીજાને મદદની ભાવના માટે સજ્જ હતા. અમે પૂ.શ્રીમા-પ્રભુના બાળકો આપના અગણિત આશીર્વાદ અને પરમકૃપાથી જ સાહસયાત્રા પૂર્ણ કરી શક્યા છીએ. હે મા સર્વેશ્વરીવનની સિંહણો હંમેશાં આપના સ્મરણથી ગુંજતી રહે તેવી શ્રી મા-પ્રભુને પ્રાર્થના. હે મા-પ્રભુ આપ અમારી સઘળી પ્રાર્થનાઓ સાંભળો છો. આ પ્રાર્થના એટલે ''પરમ ઈશ્વર પ્રત્યેની પ્રેમની લાગણી, ભક્તોની સઘળી માંગણી તથા જીવનમાં થઈ ગયેલી અને થતી રહેલી ભૂલોની ક્ષમા.'' હે મા-પ્રભુ અમારી પ્રાર્થનાઓના આડાઅવળા શબ્દોને આપ જ યોગ્ય રીતે ગોઠવીને યોગ્ય સમયે સાંભળો જ છો અને પરમકૃપા આશીર્વાદ વરસાવતા રહો છો.

હે મા આપે આપની શબ્દયાત્રામાં એક વાક્ય સુંદર રીતે કંડાર્યું છે કે

**''તું જ તને નડે છે તેમાંબીજા શું કરે.''**

હે મા અમે સંસારરૂપી વળગણોની વચ્ચે પણ જીવનના લીધેલા નાનાં-મોટાં દરેક નિયમો પાલન કરી શકીએ અને આપના જ શ્રી ચરણકમળમાં સમર્પિત રહીએ, આપના બાળ બનીને દરેક ક્ષેત્રે ઝળહળતાં રહીએ તેવી શ્રીમા-પ્રભુ ને પ્રાર્થના.

## ॥ સત્યા ॥

પહેલાં તો Thank you મા મને આ cycle યાત્રાનો એક ભાગ બનાવવા માટે. મારે માટે યાત્રા એક એવું સાધન છે જેના દ્વારા હું મા-પ્રભુની નજીક આવું છું. અને આ સાઈકલયાત્રા દરમિયાનનો સમય મારી માટે સુવર્ણ સમય હતો. આજે believe જ નથી થતું કે જો 160 km. સરોડાથી બ્રહ્મપૂરીની સાઈકલયાત્રા કરી છે. અને મને personally એવો અનુભવ થયો કે અમે સાઈકલ પર ખાલી બેઠા જ હતા. જે તમે વિદાય વખતે કહ્યું હતું એ હકીકતમાં prove થઈ ગયું. Thank you Maa. ક્યાંય પણ એવો મોટો problem નથી થયો અને 60-65 km cycle ચલાવ્યા પછી તો એવું થતું તું કે શું સાચે મા અમે આટલું અંતર કાપ્યું છે ? હું ખૂબ જ lucky છું કે હું swargarohan આવું છું. અને આવતી રહીશ. યાત્રા દરમિયાન starting મા થોડુંક difficult હતું પણ મને ક્યારેય give-up કરવાની ઈચ્છા નથી થઈ એ 'મા-પ્રભુ'માં રહેલી શ્રદ્ધાના લીધે જ શક્ય બન્યું છે. યાત્રામાં બધા સેવકો એ અને બધી સિંહણો એ મને ખૂબ જ motivate કરી અને encourage પણ કરી અને આગળ પણ આવી જ યાત્રા થાય એવી ભાવના સાથે મા-પ્રભુને પ્રણામ કરું છું. અમારો વિશ્વાસ અને શ્રદ્ધા 'મા-પ્રભુ'માં આ રીતે વધતો જ રહે અને અમે swargarohan આવતા જ રહીએ અને બધા સાથે આવી સુવર્ણયાત્રા કરતા જ રહીએ એવી 'મા-પ્રભુ'ને પ્રાર્થના. જય કૃપાળુ, મા....



## ॥ શ્રેયા ॥

સૌપ્રથમ તો પૂ.શ્રીમાનો ધન્યવાદ કે પૂ.માએ અમને આ યાત્રામાટે પસંદ કર્યા અને અમને બધાંને ''સિંહણ''નું બિરુદ આપ્યું.

આ યાત્રામાં અમને ખૂબ ઉપયોગી વાતો શીખવા મળી, કે કેવી રીતે બધા સાથે એક-જૂથ થઈને રહેવું, એકબીજાની મુશ્કેલીના સમયમાં કેવી રીતે સહાયક થવું ! આ યાત્રામાં અમે એકબીજાને વધુ સારી રીતે સમજી શક્યા.

પૂ.શ્રીમાનું પદ, ''સ્વર્ગારોહણ તીર્થભૂમિને જગમંચે પ્રગટાવીશું...'' આ પદને અમે બધાં ભેગાં મળીને સાર્થક કરી શકીએ એવી કૃપા કરજો મા.

આ યાત્રામાં જો કાંઈક વાર મન કુદરતી સૌંદર્યમાં ખોવાઈ જતું તો સાઈકલ ધીમી પડી જતી અને જેવું પાછું પૂ.મા-પ્રભુનું સ્મરણ શરૂ કરીએ એટલે થોડી જ વારમાં સાઈકલ દોડવા માંડે.

આ ઉપરથી એટલો વિશ્વાસ આવી ગયો કે જો આપણે પૂ.મા-પ્રભુનું સ્મરણ કરીએ તો જીવન સરળ બને અને આપણે પૂ.મા-પ્રભુની કૃપાના પાત્ર બનીએ. જો આપણે રોજીંદા જીવનમાં પૂ.મા-પ્રભુને ભૂલી જઈએ તો જીવનની ગાડી પાટા ઉપરથી ઉતરી ગઈ હોય એમ લાગે.

જેમ કોમ્પ્યુટરમાંથી વાઈરસ કાઢવા માટે તેમાં એન્ટી-વાઈરસનું સોફ્ટવેર ડાઉનલોડ કરવું પડે, તેમ આ સાઈકલયાત્રામાં અમારા મન-અંતરના વિકારો અને વિટંબણાઓ દૂર થઈ અને પૂ.શ્રીમા-પ્રભુ પ્રત્યેની મારી શ્રદ્ધા દૃઢ બની.

સ્વર્ગારોહણ આવ્યા પછી જેમ પૂ.માએ કહ્યું કે, 'પોતાના ઘરમાં પ્રવેશવા રોજ કોઈ ઢોલ-નગારાં વગાડે?' આ વાક્ય ઉપરથી મનમાં એક વિશ્વાસ થઈ ગયો કે મારું પહેલું અને સાચું ઘર તો સ્વર્ગારોહણ જ છે.

પૂ.માએ અમને કહ્યું તેમ હું મારા જીવનનાં ૫ વર્ષ સ્વર્ગારોહણને પૂરેપૂરી શ્રદ્ધા અને નિષ્ઠાથી અર્પી શકું તેવી કૃપા કરજો. પૂ.મા પ્રભુ થકી સ્વર્ગારોહણના કાર્યોમાં સહભાગી બનવાની તક આપતા રહેજો.

"હસતાં હસાવતાં રાખજો, ને સૌને ચરણે રમાડજો."

અમારી આ સાઈકલયાત્રામાં જાણે આ પંક્તિ સાર્થક ના થતી હોય !! એવું સતત પ્રતીત થતું. અમે બધી જ સિંહણો પૂ.મા-પ્રભુની કૃપાથી હસતાં-ગાતાં, પૂ.મા-પ્રભુનું સ્મરણ અને સકીર્તન કરતાં કરતાં મા-પ્રભુના શરણમાં અને મા-પ્રભુની છત્રછાયામાં રહીને આ સાહસયાત્રા વિના વિઘ્ને પૂર્ણ કરી શક્યા તે માટે પૂ.મા-પ્રભુનો જેટલો આભાર માનું એટલો ઓછો જ ગણાય.

મા, મને હસતાં-હસાવતાં મા-પ્રભુના ચરણોમાં જનમો જનમ, પાસે ને સાથે જ આપના શરણમાં રાખજો એવી પ્રાર્થના.

ફરી એક વખત આવી અવિસ્મરણીય યાત્રાનો ભાગ બનાવવા માટે ખૂબ ખૂબ આભાર.

"પરમશક્તિનો જયજયકાર હો...."

જયજયકાર હો...

જયજયકાર હો...



## ॥ 'સાઈકલયાત્રા'ના પૂર્ણાહુતિપર્વે 'મા'નાં અમૃતવચન ॥

અમે શાસ્ત્રોમાં એવું વાંચેલું કે બ્રહ્મપુરીમાં જે પ્રવેશે તે કદી પૃથ્વીલોકમાં પાછો ના પ્રવેશે તો તમે બધા ભૂત છો કે સાચી સિંહણો છો? અમે સાઉથ આફ્રિકાના એક ઘરમાં પૂ.શ્રી સાથે ઉતરેલા. રાત્રે અમે યજમાનબેન સાથે બેઠા હતા. તેઓએ અમને પૂછ્યું, તમે ક્યા ગામના? અમે જવાબમાં કહ્યું, "ગામ અમારું બ્રહ્મપુરી માનજો ને નામ અમારું મીરાંબાઈ જાણજો." પછી તેમને અમે કહ્યું, નદીનું મૂળ ને સંતનું કુળ જાણવાની જરૂર નથી. પછી કહ્યું, સૂરત પાસે કર્પૂરવન છે. તમે બધા તો બ્રહ્મપુરીથી જીવતા પધાર્યા છો. તો ત્યાં શ્રી નારાયણ–સરસ્વતીને પ્રણામ કરેલા કે ભૂલી ગયા? હા કરેલા. તમને બધાને અને શ્રી રાજુભાઈને રાજીવભાઈને મા વઢે? આજે જ તક છે બધાને વઢવાની. તમે બધાએ ૨૩ સાઈકલ લાવ્યા પણ કોઈએ એવું ના કહ્યું કે 'ચાલો મા એક સાઈકલ તમારી.' મા તો તૈયાર જ હતાં. કોઈ કહે તો જાનમાં જઈએ. પૂછ્યા વિના કેવી રીતે જવાય? [રાજીવભાઈ-બધાની પાસે મા હતાં જ-ગોપીઓ સાથે કૃષ્ણ રાસ રમે તેમ.]

મા : તો હે રાજીવભાઈ, આજથી તમે સૂક્ષ્મ રીતે જમવાનું શરુ કરી દો. (હાસ્ય.) આ તો જીવતી સિંહણો સાથે જીવતાં મા વાત કરે છે. રાજુભાઈ કાલે ખૂબ ખુશ હતા. કહે, મા ! બધી જ સિંહણો સરહદ પાર કરી ગઈ છે તો આપણે કંઈ કરવાનું છે?

મા : મા જે રીતે ૨૦૧૮માં વિદેશથી આવીને સ્વર્ગારોહણમાં શાંતિથી પ્રવેશેલાં તે રીતે બધા શાંતિથી પ્રવેશે.

અમે તો દરવાજો પણ જાતે જ ખોલેલો. ઓટલા ઉપર શ્રી જયેન્દ્રભાઈ, કીર્તન બેઠા હતા. મા ઉપર આવીને નિવાસમાં પ્રવેશ્યાં ત્યારે બધાંને જાણ થઈ કે 'મા' પધાર્યાં છે. પોતાના ઘરમાં પ્રવેશવા રોજ કોઈ ઢોલ-નગારાં વગાડે ? તમે પણ બધા આજે એક વિશેષ કાર્ય કરીને આવ્યા છો. બ્રહ્મપુરી પહોંચ્યા પછી પાછળ ફરી જુઓ. તો તમે ક્યાં હતા અને ક્યાં પહોંચ્યા ? દરેક વ્યક્તિ પોતાની વીતેલી જિંદગીના માર્ગને પાછો ફરીને જુએ તો લાગે કે ખરેખર પશુ જેવો હતો-માનવ બનવા પહોંચ્યો છું-ને દેવ બનવાનું હજી બાકી છે.

તમે બધા કેટલું મોટું સાહસ કરીને આવ્યા છો? પોચકીદાસમાંથી પહેલવાન બનીને આવ્યા. હવે બધાએ પોતાની અટક 'ગામા પહેલવાન' રાખવા જેવી છે. 'હવે તમને એવું લાગે છે ? કે અમે ધારીએ તે કરી શકીએ ?'-હા મા. ને આભને હથેલીમાં ઝીલી શકીએ. તો પછી જીવનમાં એકાદ ઠોકર વાગે તો રડવા ના બેસતાં. પ્રતિકૂળતા એ તો પ્રભુકૃપા છે. એમ માનીને રસ્તો કાઢજો. તમે ૨૨ દીકરીઓ આવતીકાલના સ્વર્ગારોહણનું ભવિષ્ય છો. આ રાજુકાકા, વિઠ્ઠલકાકા, નાથાકાકાએ માથે સફેદ પાઘડી પહેરી લીધી છે. એટલે હવે આપણે માત્ર ધૂન-ભજન ગાઈને કે સતત મોબાઈલમાં ગૂંથાવાનું નથી. તે યાદ રાખજો. એક લેખ અમે ગયા વર્ષે વંચાવેલો-સતત એવા સાધનોથી મગજનું કેન્સર થવાની શક્યતાઓ છે. ચિત્ર સાથે હતું એ લખાણ. એટલે બધા જ સુખનાં સાધનો વિવેકપૂર્ણ વાપરવા. કોણ નિયમિત સાઈકલ ચલાવતું હતું ? (પ્રેકટિસ કોઈએ કરી નહતી) તો તો ખરેખર તમે સાહસ કર્યું છે એવું



લાગે છે. અમારા વિદ્યાર્થીકાળમાં એસ.ટી. બસ પણ ન હતી કે રિક્ષા પણ ન હતી. અમારે કર્પૂરવનથી વ્યારા ભણવા આવવાનું. ધોરણ ૧૦ અને ૧૧ના વેકેશનમાં કોઈકની સાઈકલ ઉપર ચલાવવાનું શીખ્યા. તે સાઈકલ એવી હતી કે ઊંધું પેડલ ચલાવાઈ જાય તો બ્રેક લાગી જાય. તો ૩-૪ વાર તો વાડમાં પડ્યા. પણ શીખી ગયા. તે જમાનામાં લેડીઝ સાઈકલ પણ ન હતી. ૭-૮ દિવસ સ્કૂલ ખૂલવાના બાકી હતા ને ભીખીબા સુરત જતાં હતાં. રિક્ષા-બસ ના મળે. ઘોડાગાડીમાં બેસી પણ ગયા. અમે ઓટલા ઉપર ઊભા હતા. અમને યાદ આવ્યું કે હવે ૭ દિવસ બાકી છે. અમે ઓટલે ઊભાં ઊભાં કહ્યું, 'બા ! મારા માટે એક લેડીઝ સાઈકલ સૂરતથી લેતા આવજો.' એ સાંભળીને શ્રી વામનભાઈ તરત જ ઘરમાં ગયા ને સાઈકલ માટેની રકમ શ્રી ભીખીબાને આપી દીધી. ને સાંજે સાઈકલ આવી પણ ગઈ ! તે સાઈકલ અમે ધોરણ ૧૦ ને ૧૧માં વાપરી પછી કૉલેજમાં પણ વાપરી. તે પછી તે સાઈકલ હિમાંશુભાઈને આપી અને હિમાંશુભાઈએ સ્વર્ગારોહણમાં આપી. એટલે સાઈકલની પ્રેક્ટીસ તો અમને હતી જ. પણ કોઈએ અમને કહ્યું નહીં કે, 'મા ચાલો.'

કોઈ એક પદયાત્રામાં અમે ૧ દિવસ ૧૭ કિ.મિ. ચાલ્યાં હતાં. જો હવે શીર્ષાસન સાથે કોઈ યાત્રા કરો તો અમને સાથે લેજો. તમે આજે સાંજે બીજું એક નાનું સાહસ કરી શકો. તમે અહીંથી મંદિરે દોડીને ચૉકમાં પ્રણામ કરી શકો. આવું નાનું નાનું સાહસ આરોગ્ય સુધારતું રહે. તમે પ્રભાતવંદનાની બાવની કરો છો ત્યારે અમે અગાસીમાં દોડી લઈએ છીએ. તો શરીર

પણ જડત્વ છોડીને ઝંકૃત થઈ જાય છે. આજે સાંજે દોડીને જજો. તમારી જિંદગીનું આ પ્રથમ સાહસ છે. માટે ગંગાજળથી તમને તિલક કરીશું. અમારા આ દેશમાં જે મળે તે જ અમારી સંપત છે. અમારાં શ્રી અરુણાબેન શ્રી બદ્રીકેદારનું પવિત્ર જળ લાવ્યાં છે, ને તમે સૌ આપણા વડોદરાના છોટે તારકને ઓળખો જ છો ને ! તેમને એક દેવી મળ્યાં છે. તેનું નામ તારકેશ્વરી છે. તે તમને બધાંને તિલક કરશે. તમારે તિલક સ્વીકારીને કહેવું. 'બીજી યાત્રામાં હે દેવી ! તમે અમારી સાથે રહેજો.' તો જ તે તિલક કરી શકે. (સૌને ૐમા રક્ષામામની ધૂન સાથે તિલક થાય છે. પછી બધી યાત્રીબેનોને સામસામે બે લાઈનમાં ઊભી રાખી પૂ.મા તેમની વચ્ચે જઈ તેઓ પર ગંગાજળનો છંટકાવ કરે છે.)

મા : તમારા મુખ ઉપર છાંટ્યું-નજર ના લાગે માટે. તમારા પગ પર છાંટ્યું-ગમે ત્યાં ભટકવા ના જાવ માટે. ખૂબ જાગતા રહીને યુવાની પસાર કરવાની છે. સ્વર્ગારોહણનું નામ દીપાવવાનું છે. કોઈ આંગળી ના ચીંધે કે આ મા નું બાળક છે. તમે સ્વર્ગારોહણનું રક્ષાયેલું ધન છો. માટે જ આજે તમને મન અને મસ્તકની રક્ષા કરતું એક રક્ષાકવચ હવે આપીશું. આપણે રક્ષમામની સતત ધૂનથી દીકરીઓની દશે દિશાથી રક્ષા થાય તેવી પ્રાર્થના કરવાની છે. (સૌ બેનોને મસ્તકે સુંદર ઓઢણી વડે ફેંટા બાંધવામાં આવે છે. પછી સૌ યાત્રીઓને યોગતીર્થદર્શન માટે મોકલવામાં આવે છે.) હવે તમારા વીરત્વને વધાવવા મધુબેન જાતે તમને ફૂલમાળા પહેરાવશે. (મધુબેન સૌને ગુલાબનો હાર પહેરાવે છે.)



મા : જીવન પુષ્પની પથારી પણ છે ને કાંટાની વાડી પણ છે. હવે પુષ્પની પથારી થઈ ગઈ. (હારમાંથી પાંદડીઓ ખરેલી જોઈને.) છે. તમારા દરેક પાસે એક-એક વાર્તા છે. અનુભવની ગાથા છે. 'હા મા'. તે કોણે કોણે નોંધી છે ? થોડાક હાથ ઊંચા કરે છે તે જોઈ.

મા : ખૂબ સરસ ! જેણે ના નોંધી હોય તેણે તેણે આજે નોંધવાની છે. હવે સ્વર્ગારોહણનો વડીલવર્ગ ઇચ્છે છે. તેમને પોરસ ચઢે તેવી યાત્રાની વાતો સંભળાવો. જેથી હવે સીનીયર સીટીઝન સાઈકલયાત્રા કરવા વિચારે. તમારી યાત્રામાં સાથે સેવકો અને ગાડી કેટલી હતી ? (સંખ્યા જાણીને) પૂ.મા કહે, 'નરેન્દ્ર મોદીનો કાફલો મોટો હતો.' (હાસ્યનું મોજું ફરી વળ્યું.) સીનીયરો જો સાઈકલયાત્રા કરશે તો સાથે હરતા-ફરતા દવાખાના સાથે હરતું ફરતું સ્મશાનગૃહ પણ સાથે હશે. સીનીયરો બધા પોતાનું 'મંગલ મંદિર' ગાઈને વીલ લખીને યાત્રા શરૂ કરશે.

''જીવન' એ જન્મથી મૃત્યુ સુધી દોડવાની મથામણ જ હતી, એ ક્યાં ખબર હતી ?'

'જીવન એક મહાયાત્રા છે. આપણું અસ્તિત્વ એક વિકાસયાત્રા છે. આપણે પૂર્ણ નથી પણ પૂર્ણ થવું છે; એ માટે યાત્રા કરવાની છે.'